*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૦૬



તારા પગલે પગલે નાથ, વહે છે આતમરસની ધાર

卐 卐 卐

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૫, ચૈત્ર (લવાજમ : ચાર રૂપિયા) વર્ષ: ૨૬ : અંક ૬

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)



# મહાવીર-જન્મની મંગલ વધાઈ

## ( સંપાદકીય )

ચૈત્ર સુદ તેરસ.....

વીરજન્મની મંગલ વધાઈ !

તીર્થંકરના જન્મની એ વધાઈ ક્ષણમાત્રમાં વિશ્વભરમાં પ્રસરી ગઈ, ને ત્રણલોકના જીવો ક્ષણભર સુખ પામ્યા....જેના જન્મના પ્રભાવથી જગતમાં અજવાળા થયા એ આત્માના દિવ્યમહિમાનું ચિંતન કરતાં ઘણાય જીવોના અંતરમાં જ્ઞાનના અજવાળાં પ્રગટયા.....ધર્મની ધારા વર્દ્ધમાન થવા માંડી. તેથી એમનું નામ પડયું 'વર્દ્ધમાન.'

બિહારની વૈશાલી અને કુંડગ્રામ ધન્ય બન્યા.....માતા પ્રિયકારિણી અને સિદ્ધાર્થરાજા જગતના માતા–પિતાનું બિરુદ પામ્યા......મોક્ષમાર્ગી હોવાની તેમને મહોર લાગી.

પ્રભુ વર્દ્ધમાન આરાધક તો હતા જ, સિંહના ભવથી માંડીને દસ–દસ ભવથી પુષ્ટ કરેલી આત્મસાધના આ ભવે પૂર્ણ કરવાની હતી. દર્શનઆરાધના અને જ્ઞાન આરાધના તો જન્મથી જ સાથે લાવ્યા હતા, એ આરાધના વર્દ્ધમાન કરતાં કરતાં ત્રીસ વર્ષની વયે તો સંસારથી વિરક્ત થઈને પ્રભુએ ચારિત્રપદ ધારણ કર્યું, ને 'પરમેષ્ઠી' બન્યા....માતા–પિતા બિરાજમાન, છતાં એમના મોહમાં એ ન રોકાયા. આત્મસાધક વીરને મોહનાં બંધન કેમ પાલવે ? મોહના બંધન તોડીને પ્રભુ નિર્મોહી બન્યા. તેમની આત્મસાધના ઉગ્ર બની.....અનેક પરિસહો આવ્યા, અનેક ઉપદ્રવો આવ્યા....દેવોએય એમને ડગાવવા પ્રયત્ન કર્યો......પણ એ તો વીર હતા..... સ્વરૂપની સાધનાથી એ ન ડગ્યા તે ન ડગ્યા....સાધકભાવની ધારાને વર્દ્ધમાન કરી કરી તેમણે કેવળજ્ઞાન સાધ્યું. ને ફરી એકવાર કેવળજ્ઞાનકલ્યાણકના દિવ્યપ્રકાશથી વિશ્વના પ્રાણીઓ ઝબકી ઊઠયા....જિનમહિમા સર્વત્ર પ્રસરી ગયો. રાજગૃહીમાં વિપુલાચલ પર દિવ્યધ્વનિના ધોધ વહ્યા ત્યારે એ વીરવાણી ઝીલીને અનેકજીવો આત્મિકવીરતા પ્રગટ કરીને વીરમાર્ગે વિચર્યા......કોઈ ગણધર થયા તો કોઈ મુનિ થયા, કોઈ અર્જિકા થયા, કોઈ શ્રાવક કે શ્રાવિકા થયાં, ઘણાય જીવો સમ્યક્ત્વ પામ્યા.–આમ –સ્વ–પરમાં ધર્મવૃદ્ધિ કરીને વર્દ્ધમાને પોતાનું નામ સાર્થક કર્યું.....જીવન સાર્થક કર્યું.

એ મહાવીરનો આદર્શ ઝીલીને મુમુક્ષુજીવો આજેય વીરતાપૂર્વક એ વીરનાથના વીતરાગીમાર્ગે વિચરી રહ્યા છે. આપણે પણ એ જ વીર–માર્ગે જઈએ.... 'જય મહાવીર'

આ અંકનો ખાસ વધારો

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મ ધર્મ

વીર સં. ૨૪૯૫
ચૈત્ર

卐 વર્ષ ૨૬ : અંક ૬ 卐

# રાજકોટમાં મંગલ–પ્રવચન

**શુદ્ધાત્મરસની અમીધાર વરસાવતો
મેહૂલો મધુર નાદે ગાજે છે ને હજારો તરસ્યા
જીવોની તૃષા છીપાવે છે )**

**પૂ. ગુરુદેવ ચૈત્ર સુદ પાંચમ ને રવિવાર તા. ૨૩–૩–૬૯ ના રોજ સોનગઢથી મંગલપ્રસ્થાન કરીને રાજકોટ પધાર્યા......ને જિનમંદિરમાં સીમંધરનાથના દર્શન કરીને અર્ઘ ચડાવ્યો. જિનમંદિરની વેદીનું દ્વાર પૂરું ખૂલી ગયું હોવાથી અહીંનો દેખાવ પણ સોનગઢ જેવો લાગે છે. જિનમંદિર આરસની કારીગરીથી શોભે છે. મંડપમાં ગુરુદેવના સ્વાગતની વિધિ બાદ, નિયમસારની ૩૮ મી ગાથા ઉપર પ્રવચન શરૂ કરતાં ગુરુદેવે કહ્યું કે-**

નિયમસારની આ ૩૮ મી ગાથા મોક્ષમાર્ગને માટે માંગળિક છે. આ ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેને શરીરાદિ સંયોગો તો શરણ નથી. પુણ્ય–પાપના સંકલ્પ–વિકલ્પો પણ એને શરણ નથી. જેના લક્ષે શાંતિ થાય, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય એવો ધ્રુવ આત્મસ્વભાવ જ શરણરૂપ ને ઉપાદેય છે. સંવર–નિર્જરા વગેરે એક સમયની પર્યાય જેટલો પણ પરમાર્થ જીવ નથી; પરમાર્થ જીવ કેવો છે તે વાત જીવે અંતરમાં રુચિ કરીને સાંભળી પણ નથી. જીવનું એ પરમાર્થ સ્વરૂપ આચાર્યદેવે આ ગાથામાં બતાવ્યું છે. શરીરાદિ સંયોગો તો કદી આત્માના થઈને રહ્યા નથી; રાગાદિ વિકારી ભાવો પણ આત્માના સ્વભાવરૂપ થઈને રહ્યા નથી; અને અંતરમાં સંવર–

નિર્જરારૂપ જે વીતરાગ પર્યાય થાય, જે ક્ષાયકાદિ ભાવ થાય તે પણ પર્યાયપણે રહ્યા છે, પણ તે ધ્રુવ સ્વભાવરૂપ થયા નથી. આવો જે એકરૂપ ધ્રુવસ્વભાવ છે તે નિશ્ચયથી શુદ્ધભાવ છે, તે જ પરમાર્થ જીવ છે, અને તે જ ઉપાદેય છે. અંતરમાં તેને લક્ષગત કરીને ઉપાદેય કરવો તે અપૂર્વ મંગળ છે.

ફત્તેપુર પછી ૧૧ દિવસ બાદ આજે ગુરુદેવનાં પ્રવચનો ફરી શરૂ થતાં સૌને હર્ષ થયો હતો. શુદ્ધાત્મરસની અમીધાર વરસાવતો મેહૂલો મધુર નાદે ગાજે છે, ને હજારો તરસ્યા જીવોની તૃષા છીપાવે છે.

બપોરના સમયે નિવૃત્તિથી સ્વાધ્યાય કરતાં–કરતાં વચ્ચે વૈરાગ્યના અનેક પ્રસંગોને યાદ કરીને ગુરુદેવે કહ્યું કે અરે, છખંડના રાજને છોડીને ચક્રવર્તી ધર્માત્મા મુનિ થતા હશે–એ દશા કેવી! ભેદજ્ઞાન કરીને અંતરમાં ભિન્ન આત્માને જાણ્યો; ત્યાં ‘અમારું છે તે અમે સાથે લઈને જઈએ છીએ; ને જે અમારું હતું જ નહિ તેને અમે અહીં છોડીને જઈએ છીએ, અમારા જ્ઞાન ને આનંદમાં અમે જઈએ છીએ. –એમ ધ્રુવસ્વભાવમાં એકાગ્રતા વડે જ્ઞાન ને આનંદ એકસાથે પ્રગટે છે.

આ વાત ભાષા માત્ર નથી, અંદર ભાવ પ્રગટવો જોઈએ. ખરી કસોટીનો પ્રસંગ આવે ત્યારે અંદરના કસની ખબર પડે. આમ ગુરુદેવ પાસે વૈરાગ્યપૂર્ણ વિવિધ ચર્ચાઓ થતી હતી. ‘જ્ઞાનચક્ષુ’ પુસ્તક માટે હસ્તાક્ષર કરી આપતાં ગુરુદેવે લખ્યું કે–

“જ્ઞાન છે તે અવિનાભાવી આનંદવાળું છે, તેથી ધ્રુવસ્વરૂપનો આશ્રય કરતાં જ્ઞાન અને આનંદ એકીસાથે પ્રગટ થાય છે.”

બપોરના પ્રવચનમાં પંચાસ્તિકાયની ૧૬૩ મી ગાથા વંચાણી હતી. તેમાં સર્વજ્ઞસ્વભાવનો અપાર મહિમા સમજાવતાં ગુરુદેવે કહ્યું કે–આત્માનો સ્વભાવ પૂર્ણ જ્ઞાન ને આનંદથી ભરેલો છે. એવો દ્રવ્યસ્વભાવ છે ને તેનો આશ્રય કરતાં જ્ઞાન ને આનંદ પર્યાયમાં એકસાથે પ્રગટે છે. ધ્રુવસ્વભાવ જેવો છે તેવો તેનો અનુભવ–લક્ષ–શ્રદ્ધા ભવ્યજીવને જ હોય છે, અભવ્યજીવોને તેનો અનુભવ હોતો નથી. અંતરમાં જ્ઞાનાનંદસ્વભાવની સન્મુખ થતાં પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદની પ્રતીત ને અનુભવ થાય છે; ને ત્યારે સર્વજ્ઞની ખરી ઓળખાણ થાય છે.

અહો! દરેક આત્મા સર્વજ્ઞસ્વભાવે પૂરો છે. જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય પરિપૂર્ણ છે, અંતર્મુખ થઈને તેનો પૂરો આશ્રય લેતાં

સર્વજ્ઞપદ પ્રગટે છે. ત્યારે તે જીવ સર્વ પદાર્થોને જાણે છે અને પૂર્ણ સુખને અનુભવે છે. આવા સર્વજ્ઞપદને ભવ્ય જીવો જ ઓળખે છે.

આત્માનો સ્વભાવ જ્ઞાન–દર્શન છે. તે સ્વભાવની પ્રતિકૂળતા તે દુઃખ છે, અને તે સ્વભાવમાં પ્રતિકૂળતાનો અભાવ તે સુખ છે. સ્વભાવની પ્રતિકૂળતા અથવા સ્વભાવનો પ્રતિઘાત–એટલે શું? જ્ઞાન–દર્શન પોતે અતીન્દ્રિય સ્વભાવવાળા હોવા છતાં, વિષયોમાં પ્રતિબદ્ધપણું થતાં તેનો સ્વભાવ હણાય છે, એનું નામ સ્વભાવની પ્રતિકૂળતા છે. અમર્યાદિત સમસ્ત જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવા છતાં, તે સ્વભાવનો આશ્રય ન લીધો ને પરાશ્રયમાં અટકી ગયો, એટલે સ્વભાવને ન અનુસરતાં પરને અનુસર્યો તેની સર્વજ્ઞસ્વભાવથી પ્રતિકૂળતા થઈ, પર્યાયમાં રૂકાવટ થઈ; અંતર્સ્વભાવના આશ્રયે એકાગ્ર થતાં તે રૂકાવટ ગઈ એટલે પ્રતિકૂળતા ટળી, અને પૂર્ણ જ્ઞાન પ્રગટયું; તે જ્ઞાન અવિનાભાવી આનંદ વાળું છે.

આત્મા પરિપૂર્ણ જ્ઞાન–આનંદ સ્વભાવી છે; તેનો પૂરો આશ્રય કરતાં સ્વભાવનો પ્રતિબંધ રહે નહિ, સ્વભાવનો પ્રતિઘાત થાય નહિ, એ જ પૂર્ણ સુખ છે. અને સ્વભાવનો પૂરો આશ્રય ન લીધો ત્યારે રાગવાળું ક્ષાયોપશમિક જ્ઞાન પોતે જ્ઞેયોમાં પ્રતિબદ્ધ થયું, એટલે જ્ઞાનના પૂર્ણ સ્વભાવનો પ્રતિઘાત થયો; કોઈ બીજાએ નથી રોકયું પણ જ્ઞાને પોતે સ્વભાવનો પૂરો આશ્રય ન લીધો એટલે તે જ પોતે જ્ઞેયોમાં અટકતું થકું પ્રતિબદ્ધવાળું થયું.

આત્મા સર્વજ્ઞસ્વભાવથી પૂરો પ્રભુ છે, તેનામાં પ્રભુત્વશક્તિ છે; એની પ્રભુત્વશક્તિનો પૂર્ણ વિકાસ કરતાં પર સમયની પ્રવૃત્તિ છૂટી જાય છે. અર્હંતાદિ પ્રત્યેના રાગમાં રોકાવું તે પણ જ્યાં પરસમય પ્રવૃત્તિ અને કલેશ છે, ત્યાં કુદેવાદિના સેવનરૂપ મિથ્યાપ્રવૃત્તિની તો વાત જ શી! અહીં તો કહે છે કે પૂર્ણ જાણવાના સામર્થ્યરૂપ સર્વજ્ઞસ્વભાવ અલ્પ મર્યાદામાં રોકાઈ જાય તે પણ પ્રતિબંધ અને દુઃખ છે. સ્વભાવનો પૂર્ણ આશ્રય ત્યાં નથી તેથી દુઃખ છે. સ્વભાવનો પૂર્ણ આશ્રય લેતાં રાગાદિના પ્રતિબંધનો અભાવ થાય છે ને પૂર્ણ જ્ઞાન સહિત પૂર્ણ આનંદ પ્રગટે છે.

બાપુ! આ મનુષ્ય અવતાર તો ક્ષણમાં વીંખાઈ જશે; તેમાં આ આત્માની પ્રભુતાનું ભાન કરવા જેવું છે. બાળ–બચ્ચાંના શરીરમાં પણ ભગવાન આત્મા એવો ને એવો વર્તે છે, તે કાંઈ દેહરૂપ થતો નથી. અંદર ચૈતન્યતત્ત્વ પરમાત્મશક્તિથી પૂરું છે; પણ બહારમાં વિષયોમાં આનંદ માનનારા વિષયાનંદી જીવો તો મહા ઝેરને સેવે છે.

અરે, તારી પ્રભુતાનું ભાન તને નહીં! ને પરમાં તારા જ્ઞાનને તું પ્રતિબદ્ધ કરી દે, –તો તેમાં દુઃખ છે, તારા સ્વભાવની રુકાવટ છે. તે રુકાવટ, તે દુઃખ કેમ ટળે? કે સર્વજ્ઞસ્વભાવને ઓળખીને તેનો પૂર્ણ આશ્રય કરે ત્યારે દુઃખ મટે, ને પૂર્ણ સુખ પ્રગટે. ત્યાં સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે. –આવી મોક્ષદશા છે, તેમાં અચલિતપણે પરમાર્થસુખનો અનુભવ છે.–આવા આત્માની શ્રદ્ધા કરનારા ભવ્યજીવો મોક્ષમાર્ગને યોગ્ય છે.

આવો મોક્ષમાર્ગ પ્રગટ કરવો તે અપૂર્વ મંગળ છે.

* * * * *

રાજકોટમાં ગુરુદેવના બંને પ્રવચનનોની થોડી થોડી પ્રસાદી આપે ચાખી; હવે સાથે સાથે રાતની તત્ત્વચર્ચામાંથી પણ થોડો અધ્યાત્મરસ ચાખોઃ–

એક પ્રશ્નકારનો પ્રશ્ન થયો કે– ‘સત્પુરુષની સેવાથી કલ્યાણ થાય છે, એ વાત કેટલા ટકા સાચી?

જરાય વિલંબ વગર ગુરુદેવે કહ્યું કે સોએ સો ટકા સાચી;–પણ, સત્પુરુષ એટલે પરમાર્થે પોતાનો આત્મા એમ સમજવું. (સત્પુરુષો પણ એમ જ કહે છે કે તું તારા સત્ આત્માને ઓળખીને તેનું સેવન કર.)

શુદ્ધનય અને તેના વિષય સંબંધમાં કેટલાય પ્રશ્નોત્તર થયા; એક પ્રશ્ન એમ થયો કે અનુભવમાં જ્યારે નિર્વિકલ્પ શુદ્ધનય હોય ત્યારે તેનો વિષય શું?

ગુરુદેવે અંદરની ગંભીરતાથી કહ્યું કે અધ્યાત્મદ્રષ્ટિથી નય અને નયના વિષયમાં ભેદ નથી; નય અને નયનો વિષય બંનેને અભેદ ગણીને શુદ્ધજીવને (ભૂતાર્થ આત્માને) જ શુદ્ધનય કહ્યો છે. અભેદદ્રષ્ટિમાં શુદ્ધનયને જ ‘ભૂતાર્થસ્વભાવ’ કહ્યો શુદ્ધનયનો વિષય ‘ભૂતાર્થ’, અને ભૂતાર્થ તે શુદ્ધનય–એમ અધ્યાત્મમાં નય અને નયનો વિષય અભેદ છે; તેમાં ભેદ કે વિકલ્પ નથી. પર્યાયે અંતર્સ્વભાવમાં ઝુકીને તેને વિષય બનાવ્યો ત્યારે શુદ્ધનય પ્રગટ થયો.

આમ ગુરુદેવના શ્રીમુખથી આત્મરસની મધુરી ધારા વરસાવતો મંગલ મેહુલિયો વરસી રહ્યો છે, ને હજારો જીવો તે અમૃતરસનું પાન કરી રહ્યા છે....ચાલો, આપણે પણ ત્યાં જઈએ, ને ગુરુદેવ દ્વારા પીરસાતા અનુભવરસનો સ્વાદ ચાખીએ. जय जिनेन्द्र

☞ આત્મધર્મનો આગામી અંક વૈશાખ સુદ બીજના સમાચારો સહિત પ્રગટ કરવાનો હોવાથી પાંચ દિવસ વિલંબથી, એટલે કે ત્રીસમી તારીખે પોસ્ટ થશે.

# વીરપ્રભુનો જન્મોત્સવ

પાંચ વર્ષ પહેલાં–અમદાવાદનું આંગણું ને ચૈત્ર સુદ તેરસનો દિવસ.....ત્યારે ૨૫૬૨ વર્ષને ઓળંગીને ગુરુદેવે પ્રવચનમાં વીરપ્રભુના જન્મોત્સવનો સાક્ષાત્કાર કરાવ્યો....વીરપ્રભુના જીવનનું ભાવભીનું દર્શન કરાવ્યું.....ને વીરહાકથી વીરપ્રભુનો સન્દેશ સંભળાવ્યો.

ઘડીકમાં, ગદ્યથી તો ઘડીકમાં પદ્યથી, ઘડીકમાં વીરપ્રભુના જન્મનું હાલરડું સંભળાવતા, તો ઘડીકમાં વીરપ્રભુની વીરહાક સંભળાવતા, એવી એ પ્રવચનની ધારા અદ્ભુત હતી....તે સાંભળતા ત્રણ–ચાર હજાર શ્રોતાજનો વીરપ્રભુ પ્રત્યેની પરમ ભક્તિથી ડોલી રહ્યા હતા....તે દિવસનું પ્રવચન અહીં આપ્યું છે.

આજ ભગવાન મહાવીરના જન્મકલ્યાણકનો મંગલ દિવસ છે. તેમણે આ ભવ પહેલાં જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર કરેલો, પછી ઉન્નતિક્રમમાં આગળ વધતાં વધતાં આ ભવમાં તેઓ પરમાત્મા થયા.

પૂર્વનાં ભવોમાં હજી તેમને કેવળજ્ઞાન થયું ન હતું પણ સર્વજ્ઞસ્વભાવી આત્માનું ભાન હતું, અનુભવ હતો; તે ભૂમિકામાં આત્માને સાધતાં સાધતાં, ને તેની પૂર્ણતાની ભાવના ભાવતાં ભાવતાં વચ્ચે એવી વૃત્તિ ઊઠી કે અહો, આવું ચૈતન્યતત્ત્વ જગતના બધા જીવો પણ સમજે; ધર્મવૃદ્ધિ સાથેના આવા શુભવિકલ્પથી તીર્થંકરપ્રકૃતિ બંધાણી. જેમ ઊંચા અનાજ પાકે ત્યાં ઘાસ પણ ઘણા પાકે છે, તેમ ધર્મ તે તો કસ છે, તે ધર્મની સાથે સાથે સાધકદશામાં પુણ્ય પણ અલૌકિક પાકે છે. એવા અલૌકિક પુણ્ય સાથે ભગવાન મહાવીરનો આત્મા આ ચૈત્ર સુદ તેરસે ભરતક્ષેત્રમાં અવતર્યો. સ્વર્ગમાંથી ત્રિશલા માતાની કુંખે આવ્યા ત્યારે જ ત્રણ જ્ઞાન ને સમ્યગ્દર્શન તો સાથે જ લાવ્યા હતા. આત્માના શાંતરસના અનુભવની દશા તો માતાની કુંખમાં આવ્યા ત્યારે પણ વર્તતી હતી.

નાની દસ વરસની ઉંમરે ભજન શીખેલા, તેમાં આવતું કે–

**ત્રિશલા ઘેર મહાવીર જન્મ્યા રે...... એ ચૈતર તેરસ અજવાળી......**

**ત્યાં બહુ દેવ-દેવી આવે રે........ચૈતર તેરસ અજવાળી........**

પાંસઠ વર્ષ પહેલાં આ ભજન ગાતા. ત્રિશલાની કુંખે અવતરીને જગતના પ્રાણીઓને ધર્મનો સન્દેશ આપ્યો. કુદરતનો અનાદિ નિયમ છે કે જ્યાં જગતના ઘણા જીવો ધર્મની તૈયારીવાળા થાય ત્યાં તીર્થંકર જેવા મહાત્મા પણ પાકે. કાંઈ જગતના ઉદ્ધાર ખાતર કોઈ પરમાત્મા નવો અવતાર ધારણ કરતા નથી, પણ પરમાત્મપદનો સાધક કોઈ વિશિષ્ટ આત્મા ઉન્નતિક્રમમાં આગળ વધતો પોતે પરમાત્મા થાય છે, ને તેના નિમિત્તે અનેક જીવો પણ ભવથી તરે છે.

અરે, ભગવાન જન્મે ત્યારે તો ઇન્દ્ર-ઇન્દ્રાણી આવીને અલૌકિક ભક્તિથી મોટો મહોત્સવ કરે છે. એનાં પુણ્યની શી વાત! ઇન્દ્ર અને ઇન્દ્રાણી અભિષેક પછી માતાજીને સોંપતા પ્રાર્થના કરે છે કે હે માતા!

**પુત્ર તમારો ધણી અમારો.....તરણ તારણ જહાજ રે......**

**માતા જતન કરીને રાખજો....તમ પુત્ર અમ આધાર રે.....**

અહો, માતા! આપનો પુત્ર તે જગતનો તારણહાર છે......હે માતા! તું એકલા મહાવીરની માતા નહિ પણ અમારી–આખા જગતની માતા છો. હે રત્નકૂંખધારિણી માતા! આપને પણ અમે નમસ્કાર કરીએ છીએ. ભગવાનની માતા પણ એકભવે મોક્ષ પામનારી છે, ઇન્દ્ર–ઇન્દ્રાણી પણ એક ભવતારી છે, ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. એવા ઇન્દ્ર વગેરે પણ પરમ ભક્તિથી ભગવાનના જન્મનો મહોત્સવ કરે છે. એવા ભગવાનનો જન્મદિવસ આજે છે.

પછી ભગવાને ૩૦ વર્ષની કુમાર અવસ્થામાં જ મુનિપણું પ્રગટ કર્યું, ચૈતન્યમાં ઝૂલતી અપ્રમત્તદશા પ્રગટ કરી, ને ચાર જ્ઞાન પ્રગટયા.......પછી સ્વરૂપમાં લીન થઈ, શ્રેણી ચડી, કેવળજ્ઞાન પ્રગટ કરી પરમાત્મા થયા, અરિહંત થયા....ને પછી સહજપણે, ઈચ્છા વગર, જગતના ભવ્યજીવોના મહાન ભાગ્યે, ભગવાનની દિવ્યવાણી છૂટી....તે સાંભળીને ઘણા જીવો ધર્મ પામ્યા....

ભગવાન મહાવીરે દિવ્યવાણીમાં શું કહ્યું? '**अहिंसा परमो धर्म**' –અહિંસા એ પરમ ધર્મ છે.....આ વીરનો ઉપદેશ છે. ચૈતન્યસ્વભાવ આત્મામાં રાગદ્વેષના ભાવો ઉત્પન્ન જ ન થાય ને વીતરાગભાવ રહે–તે જ વીરની અહિંસા છે, ને તે જ ધર્મ છે–

વીર એવો જે આત્મા, તે અંતરના પુરુષાર્થની વીરતા વડે વીરના વીતરાગમાર્ગે ચડે, તે જ વીરનો માર્ગ છે, એવો વીરનો માર્ગ અફરગામી છે...વીરના માર્ગે જે ચડયો તે વીતરાગ થયે છૂટકો.....

ભગવાનના ભક્ત કહે છે કે અહો, વીરજિનેશ્વર! તારા ચરણે લાગું ને તારા માર્ગને સાધું...અંતરમાં ચૈતન્યરસની ભરેલો અસંખ્યપ્રદેશી દરિયો, તેને સાધ્યો ત્યાં મોહ ભાગ્યો, ને જીતનગારા વાગ્યા......અહો, આવું વીરપણું તો આત્મામાં જ છે. કાયરને આ વાત આકરી લાગે છે, ને બાહ્યદ્રષ્ટિની–પરાશ્રયની વાત સહેલી લાગે છે. પણ હે નાથ! અમે તો આપણી વાણીથી જાણ્યું કે વીરપણું તો આત્મામાં જ છે. જ્ઞાન–ચારિત્રની શક્તિદ્વારા અંદરના આ ધ્રુવપદની પ્રાપ્તિ થાય છે. અરે પ્રભુ! તારામાં રહેલી તારી પ્રભુતાને તેં કદી જાણી નથી. અનંતી તારી શક્તિ, તેને પહિચાન્યા વગર, અનાદિ પરભાવોમાં ધર્મ માનીને તેં તારા આત્માની હિંસા કરી છે, તે અધર્મ છે. અને રાગથી પાર ચૈતન્ય સ્વભાવ છે, તેને શુભાશુભથી પાર ઓળખવો ને રાગાદિ પરભાવોથી ચૈતન્યપ્રાણને જરાપણ હણાવા ન દેવા–તે ખરી અહિંસા છે, એ જ વીરની અહિંસા છે........એ જ વીરની હાક છે.

સંતો તે સર્વજ્ઞના પ્રતિનિધિ છે, તેઓ સર્વજ્ઞનો સન્દેશ જગતને સંભળાવે છે કે અરે જીવો! પ્રતીત તો કરો.......તમારામાંય આવું સર્વજ્ઞપદ ભર્યું છે.....જગતના પદાર્થો વગર જ પોતે પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે, પણ “મારે અમુક પરવસ્તુ વગર ચાલે નહિ” એમ પરાધીનદ્રષ્ટિથી માન્યું છે ને તેથી જ પરાશ્રયથી સંસારમાં રખડયો છે. ખરેખર તો પરના વગર જ (એટલે કે પરના અભાવથી જ) પોતે પોતાથી ટકેલો છે. દરેક તત્ત્વ પોતાની અસ્તિથી ને પરની નાસ્તિથી જ ટકેલું છે. પોતાના અનંતગુણ પોતામાં છે–

જ્યાં ચેતન ત્યાં અનંતગુણ, કેવળી ભાખે એમ,
પ્રગટ અનુભવ આતમા.......નિર્મળ કરો સપ્રેમ રે......
ચૈતન્યપ્રભુ.....પ્રભુતા તમારી ચૈતન્યધામમાં.....

વીરપ્રભુએ કહેલી આ વાણી પાત્ર જીવોએ ઝીલી.....ને અંતર્મુખ થઈને સમ્યગ્દર્શનાદિ પામ્યા વીરપ્રભુની વાણીના ધોધ સંતોએ ઝીલ્યા ને શાસ્ત્રોમાં સંઘર્યા. અહા, એ વાણી સાંભળતાં વાઘના વક્રસ્વભાવ છૂટી ગયા......સર્પ અને નોળિયાના વેર છૂટી ગયા,

ઝેરી નાગના ઝેર સ્વભાવ છૂટી ગયા. મોટા રાજકુમારો એ વાણી ઝીલી આત્મજ્ઞાન પામ્યા.....નિર્વિકલ્પ ચૈતન્યતત્ત્વ શું ચીજ છે–તેનો ઉપદેશ ભગવાનની વાણીમાં આવ્યો. તેનો પ્રવાહ આજેય ચાલ્યો આવે છે. અંતરમાં વિચાર–મનન કરે તો પોતાના પુરુષાર્થથી તેની પ્રાપ્તિ થાય છે. ને સ્વાશ્રયના વીતરાગભાવરૂપ જે વીરમાર્ગ, તે વીરમાર્ગને સાધીને આત્મા પોતે પરમાત્મા થાય છે.–આ છે મહાવીરનો સન્દેશ.

**બોલિયે....ભગવાન....મહાવીર કી જય.....**

**મહાવીર-માર્ગ પ્રકાશક સન્તોંકી જય....**

ૐ

## “દેહ તો ક્ષણભંગુર છે”

“દેહ તો ક્ષણભંગુર છે, સંસારના સંયોગી પદાર્થનો વિયોગ અવશ્ય થાય છે. મુખ્ય એક જ્ઞાયકસ્વભાવ છે તેનું શરણ કરવા જેવું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, તેથી સર્વે સમાધાન થઈ શકે છે.”

આ ઉદ્ગારો છે ભાઈશ્રી જગુભાઈના– જે તેમણે ઈસ્પિતાલમાં એક દરદીને મહા માસમાં કહેલા, અને ફાગણ માસમાં તો પોતે ચાલ્યા ગયા !

# અમે જિનવરનાં સંતાન ( નવા સભ્યોનાં નામ )

| | | |
|---|---|---|
| ૨૨૮૭ | શ્રી હર્ષદભાઈ દેવજીભાઈ જૈન | સોનગઢ |
| ૨૨૮૮ | શ્રી સબોધચંદ્ર એમ. જૈન | અમદાવાદ |
| ૨૨૮૯ | શ્રી પંકજકુમાર જૈન | મુંબઈ–૨૨ |
| ૨૨૯૦ | શ્રી મનીષકુમાર કાંતિલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૯૧ | શ્રી પંકજકુમાર રમણીકલાલ જૈન | રખિયાલ સ્ટેશન |
| ૨૨૯૨ | શ્રી અરવિંદકુમાર છોટાલાલ જૈન | ” |
| ૨૨૯૩ | શ્રી સુરેખાબહેન જૈન | ” |
| ૨૨૯૪ | શ્રી ભારતીબહેન જૈન | રખિયાલ સ્ટેશન |
| ૨૨૯૫ | શ્રી પ્રજ્ઞાબહેન ઈશ્વરલાલ જૈન | રાજકોટ |
| ૨૨૯૬ A | શ્રી આશાબહેન મહેન્દ્રલાલ જૈન | દાહોદ |
| ૨૨૯૬ B | શ્રી સુધાબહેન એમ. જૈન | દાહોદ |
| ૨૨૯૭ | શ્રી સંગીતાબહેન જૈન | અમદાવાદ |
| ૨૨૯૮ | શ્રી હર્ષદભાઇ જૈન | સુરેન્દ્રનગર |
| ૨૨૯૯ | શ્રી મિલનકુમાર જૈન | સુરેન્દ્રનગર |
| ૨૩૦૦ | શ્રી નવીનભાઈ શાંતિલાલ જૈન | મુંબઈ–૧૧ |
| ૨૩૦૧ A | શ્રી નિર્મળાબહેન જૈન | અમદાવાદ |
| ૨૩૦૧ B | શ્રી જયાબહેન જૈન | અમદાવાદ |
| ૨૩૦૨ | શ્રી મગનલાલ ભીમજીભાઇ જૈન | સોનગઢ |
| ૨૩૦૩ | શ્રી બીપીનકુમાર દેવશંકર જૈન | સોનગઢ |
| ૨૩૦૪ | શ્રી હેમંતકુમાર મનસુખલાલ જૈન | સોનગઢ |
| ૨૩૦૫ | શ્રી ભરતકુમાર કાંતિલાલ જૈન | સોનગઢ |
| ૨૩૦૬ | શ્રી નિર્મળાબહેન જૈન | મહેસાણા |
| ૨૩૦૭ A | શ્રી વિનોદરાય કાંતિલાલ જૈન | મહેસાણા |
| ૨૩૦૭ B | શ્રી સાધનાબહેન બી. જૈન | મહેસાણા |
| ૨૩૦૮ A | શ્રી મુકેશકુમાર બી. જૈન | મહેસાણા |
| ૨૩૦૮ B | શ્રી વર્ષાબહેન બી. જૈન | મહેસાણા |

બધા બાલસભ્યોને જણાવવાનું કે પૂ. ગુરુદેવ પ્રત્યેની ‘ઉપકાર–અંજલિ’ નો આપણો હસ્તલિખિતઅંક વૈશાખ સુદ બીજને બદલે થોડો વિલંબથી તૈયાર થઈ શકશે. ઘણા સભ્યો પરીક્ષાની તૈયારીમાં છે તેથી લખાણ મોકલી શકયા નથી; તો પરીક્ષા પછી તેઓ પણ લખાણ મોકલી આપે. વૈશાખ સુદ બીજે ‘ઉપકાર–અંજલિ’ ને બદલે ગુરુદેવનું જીવનચરિત્ર પ્રગટ થશે; તમે તે જરૂર વાંચજો; એમાંથી તમને ઘણું જાણવાનું મળશે, ને આત્માને ઉત્તમ પ્રેરણાઓ મળશે.

* નગીનભાઈ અને વીંછીયાના સભ્યો; તમારા તરફથી ઉપકાર–અંજલિની ત્રણ બુક મળી છે. ભાવપૂર્વક સુંદર સંકલન કરવા માટે ધન્યવાદ!

* આકોલાથી અમીચંદભાઈ વગેરે ગુરુદેવ પ્રત્યે એક કાવ્ય–અંજલિ સાથે લખે છે કે–ગુરુદેવ પંચમઆરાના પારસમણિ, રત્નચિંતામણિ છે. “આત્મવૈભવ” સંપૂર્ણ વંચાવીને તેમાંના ભાવોનું રહસ્ય સમજતાં જે આત્મશાંતિ થઈ છે, ને આત્માના પ્રભાવ–પ્રભુતા વગેરે શક્તિના વર્ણનમાં અમૂલ્ય ભાવો ભર્યા છે, તેનું વર્ણન લખી શકાતું નથી.

* દેવજીભાઈ! તમારું ‘ચક્ર’ મળ્યું, પરંતુ એ ચક્કરમાં સુધારાની જરૂર છે. બાકી તમારી ભાવના વ્યક્ત કરતાં તમે લખ્યું તે યોગ્ય છે કે ગુરુદેવે બતાવેલા જ્ઞાન મારગડે ચાલતાં મુમુક્ષુને મહાન આનંદ થાય છે; આત્મધર્મમાં તેમનાં અમૃતપ્રવચન વાંચતા જ્ઞાન–વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. વીતરાગમાર્ગનો મર્મ એટલે કે આત્માનું સ્વરૂપ બતાવીને ગુરુદેવે મહાન ઉપકાર કર્યો છે.

# વિનુભાઈનો સ્વર્ગવાસ

દસ વર્ષ પહેલાં ( સં. ૨૦૧૪માં ) સોનગઢમાં અકલંક–નિકલંકના નાટકમાં, જૈનધર્મને ખાતર બલિદાન આપનાર નિકલંકનો પાઠ ભજવનાર ભાઈશ્રી વિનોદરાય શિવલાલ ગાંધી આજે આપણી વચ્ચે નથી; તા. ૨૧–૩–૬૯ ચૈત્ર સુદ ૩ ની રાત્રે મુંબઈ મુકામે તેમનો સ્વર્ગવાસ થઈ ગયો. કેટલાક વખતથી તેમને હૃદયના વાલ્વની ( શ્વાસ લેવાની ) ગંભીર તકલીફ હતી, ને તેની સારવાર અર્થે મુંબઈ ગયેલા. દોઢ બે માસ જીવન–મરણ વચ્ચે ઝોલા ખાતાં ખાતાં અંતે ૨૭–૨૮ વર્ષની ભરયુવાન વયે તેમનો સ્વર્ગવાસ થઈ ગયો.

તેમનું કુટુંબ સોનગઢમાં રહે છે, તેથી તેમણે પણ લાંબો વખત સોનગઢમાં રહીને ગુરુદેવના સત્સંગનો ને તત્ત્વઅભ્યાસનો લાભ લઈને આત્મામાં ધાર્મિક સંસ્કાર રેડયા છે. ગંભીર માંદગી વખતે પણ તેઓ અવારનવાર ગુરુદેવને યાદ કરતા ને સ્વાધ્યાય સાંભળતા. ગુરુદેવ રણાસણ હતા ત્યારે મુંબઈથી પત્ર આવતાં ગુરુદેવે “શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ” એના વિચાર કરવાનું તેમના પ્રત્યે લખાવ્યું હતું.

તેમની માંદગી વખતે કરાતા ઓપરેશનોની જે વિગત પત્રદ્વારા સોનગઢ આવતી તે વાંચતા એમ લાગતું કે જેમ લાકડામાં કાપકૂપ કરે તેમ શરીરમાં વારંવાર કાપકૂપ થતી હતી. શરીરની આ સ્થિતિ સાંભળીને ગુરુદેવના મુખથી વારંવાર તીક્ષ્ણ વૈરાગ્યના ઉદ્‌ગારો નીકળતા અરે ! શરીર ને સંસાર તો આવા અશરણ છે ! ચૈતન્યતત્ત્વ અંદર જુદું છે.

વિનોદભાઈએ મરતાં મરતાં પણ બહાદુરીપૂર્વક નિકલંકને શોભે એવા વીરઉદ્‌ગારો કાઢયા હતા. ડોકટરો અને બીજાઓ જ્યારે દર્દની ગંભીરતા ( સીરીયસ ) કહેતા, ત્યારે વિનુભાઈ કહેતા કે હું આનંદમાં છું. એકવાર તેમની નસનો કટકો કાપવાનું ઓપરેશન કરવાનું હતું ને તે માટે બેભાન કરવાની દવા સુંઘાડવા દાકતરો તૈયારી કરતા હતા ત્યારે તે કહે કે, દવા સુંઘાડવાની જરૂર નથી એમને એમ નસ કાઢી લ્યો, મેં દેહનું લક્ષ છોડી દીધું છે ! તાજેતરમાં જ લગ્ન થયેલા એક સુશિક્ષિત નવયુવાન મરતાં–મરતાંય આવા વીર ઉદ્‌ગારો કાઢી શકે છે, તે ગુરુદેવે આપેલા જડ–ચેતનની ભિન્નતાના સંસ્કારનું બળ છે. અહા, અનુભવરૂપ ભેદજ્ઞાનના અચિંત્ય અપાર સામર્થ્યની તો શી વાત ! પરંતુ તે ભેદજ્ઞાનને લક્ષગત કરીને તેના થોડાક સંસ્કાર પણ જીવને કેટલું બળ આપી શકે છે ! તે દેખીને જીવોએ સાક્ષાત્ ભેદજ્ઞાનની સતત જોસદાર ભાવના કરવા જેવી છે.

સ્વર્ગસ્થ વિનુભાઈએ, જૈનધર્મની સેવાની જે ઉત્તમ ભાવનાઓ ભાવી છે, ને ગુરુદેવના પ્રતાપે ભેદજ્ઞાનના અભ્યાસના જે સંસ્કારો મેળવ્યા છે તેના પ્રતાપે તેઓ આત્માનું પરમહિત સાધે અને આ રોગધામ એવા શરમજનક શરીરોથી છૂટે–એ જ ભાવના

# દેહ-અંતકે સમયમેં તુમકો ન ભૂલ જાઉં

દસ વર્ષ પહેલાં સોનગઢમાં અકલંક-નિકલંકનું ધાર્મિક નાટક વિદ્યાર્થીઓએ ભજવ્યું હતું. તેમાં અકલંક અને નિકલંક જ્યારે જેલમાં હતા અને જીવનનો પણ સંદેહ હતો, ત્યારે બંને ભાઈઓ ભાવના ભાવે છે કે–

દિનરાત મેરે સ્વામી.....મૈં ભાવના યે ભાવું;
દેહ અંત કે સમયમેં....તુમકો ન ભૂલ જાઉં....... દિનરાત૦
શત્રુ અગર કો હોવે સંતુષ્ટ ઉનકો કરદું;
સમતાકા ભાવ ધરકે સબસે ક્ષમા કરાઉં..... દિનરાત૦
ત્યાગું અહાર પાની ઔષધ વિચાર અવસર,
તુટે નિયમ ન કોઈ દ્રઢતા હ્રદયમેં ધારું.... દિનરાત૦
જાગે નહિ કષાયેં નહિ વેદના સતાવે;
તુમસે હી લો લગી હો, દુર્ધ્યાનકો હટાઉં..... દિનરાત૦
આત્મસ્વરૂપકા ચિંતન આરાધના વિચારું;
અરહંત-સિદ્ધ-સાધુ રટના યહી લગાઉં..... દિનરાત૦
ધર્માતમા નિકટ હો ચરચા ધરમ સુનાવે,
વો સાવધાન રકખેં ગાફલ ન હોને દેવે..... દિનરાત૦
જીનેકી હો ન વાંછા મરનેકી હો ન ખ્વાહિશ
પરિવાર મિત્ર જનસેં મેં મોહકો ભગાઉં..... દિનરાત૦
ભોગ્યા જો ભોગ પહલે ઉનકા ન હોવે સુમરન
મૈં રાજસંપદા યા પદ ઇન્દ્રકા ન ચાહું..... દિનરાત૦
સમ્યક્ત્વ કા હો પાલન હો અંતમેં સમાધિ,
શિવરામ પ્રાર્થના યહ જીવન સફલ બનાઉં..... દિનરાત૦

(એ અકલંક અને નિકલંકના પાત્ર ભજવનારા ધીરેન્દ્ર અને વિનોદ બંને યુવાન ભાઈઓ આજે તો દિવંગત થઈ ગયા છે.....)

## વૈ રા ગ્ય સ મા ચા ર

સાવરકુંડલાના ભાઈશ્રી જગજીવન બાવચંદ દોશી ફાગણ સુદ દસમના રોજ સ્વર્ગવાસ પામી ગયા. તેઓ આપણા આત્મધર્મના તંત્રી અને સંસ્થાની વહીવટ કમિટિના સભ્ય તેમજ જિનમંદિરની વ્યવસ્થા કમિટિના અધ્યક્ષ હતા, ને સંસ્થાની સેવાના કાર્યોમાં અનેક પ્રકારે ઉત્સાહથી ભાગ લેતા હતા. તેઓ વિશેષ વખત સોનગઢ રહીને લાભ લેતા હતા. છેલ્લા દોઢેક માસથી એકાએક તેમને પેટમાં કેન્સર જેવું કોઈ દરદ થઈ ગયું. મુંબઈ ઉપચાર માટે ગયેલા, ત્યાંથી ગુરુદેવના ખાસ દર્શન કરવા માટે સોનગઢ આવી ગયા, ઉલ્લાસપૂર્વક પૂ. ગુરુદેવની ને પૂ. બેનશ્રીબેનની વાણી સાંભળી, આહારદાન વગેરેનો પણ લાભ લીધો ને પાછા મુંબઈ ગયા....પણ દરદ કાબુમાં આવી ન શક્યું. સ્વર્ગવાસના આઠદસ દિવસ પહેલાં ફરી મુંબઈથી કુંડલા તરફ જતાં વચ્ચે અમદાવાદ સ્ટેશને પૂ. ગુરુદેવના તેમજ બેનશ્રી–બેનના દર્શન કર્યા, આત્માની જાગૃતિ માટેના હિતવચનો ઉલ્લાસથી સાંભળ્યા ને ભક્તિ વ્યક્ત કરી. “શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ” એનું રટણ કરવાનું ગુરુદેવે કહ્યું હતું. સાવરકુંડલા ગયા પછી પણ છેવટ સુધી એનું જ રટણ ને ભાવના કરતાં કરતાં ફાગણ સુદ દસમના રોજ તેઓ દેહ છોડીને ચાલ્યા ગયા. માંદગી દરમિયાન તેમની પાસે સ્વાધ્યાયાદિનું ઉલ્લાસભર્યું વાતાવરણ રહેતું હતું.

તાજેતરમાં જ તેમને જે. પી. નો ઈલ્કાબ મળ્યો હતો. સમાજમાં તેઓ એક સારા પ્રતિષ્ઠિત આગેવાન હતા; પૂ. ગુરુદેવ સાવરકુંડલા પધારવાના હોવાથી તેમને સ્વાગત માટે ઘણી હોંશ હતી; બધાયને તેઓ કહેતા ‘સાવરકુંડલા જરૂર આવજો......મારે ભવ્ય સ્વાગત કરવું છે’ –પરંતુ તે ભાવનાને સાથે જ લઈને તેઓ સ્વર્ગવાસ પામી ગયા. દેવ–ગુરુ–ધર્મની સેવાના પ્રતાપે, અને સંતોના અનુગ્રહણથી મળેલ શુદ્ધાત્માના ઉપદેશના સંસ્કારના બળે આગળ વધીને તેમનો આત્મા આત્મહિતને સાધે એમ જિનેન્દ્રદેવને પ્રાર્થના કરીએ છીએ.

નાઈરોબી ( આફ્રિકા ) થી હજી થોડા જ દિવસ પહેલાં ભાઈશ્રી પ્રેમચંદ કેશવજીના સ્વર્ગવાસના સમાચાર આવેલા, ત્યારબાદ બીજા જ અઠવાડિયે તેમના બનેવી દેવસીભાઈ નથુ માલદે તા. ૬–૨–૬૯ ના રોજ નાઈરોબીમાં સ્વર્ગવાસ પામ્યા. નાઈરોબી મુમુક્ષુમંડળના તેઓ એક ઉત્સાહી સભ્ય હતા. ગત વર્ષે તેઓ સોનગઢ આવીને છએક માસ રહી ગયા હતા. સોનગઢ આવીને પૂ. ગુરુદેવના સત્સમાગમમાં રહેવાની તેમની

ભાવના હતી. –પણ ક્ષણભંગુર સંસારે તેમની ભાવના પૂરી થવા ન દીધી....તેઓ સત્સંગની ભાવનાના પ્રતાપે દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

* વડીયાના ભાઈશ્રી ટપુલાલ જસરાજ (–તે ઉત્તમચંદભાઈના બંધુ) ફાગણ વદ ૧ તા. ૫–૩–૬૯ ના રોજ હાર્ટની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરના ભાઈશ્રી ન્યાલચંદ ધનજીભાઈ દોશી તા. ૨–૩–૬૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સુરેન્દ્રનગર દિ. જૈનસંઘના એક ઉત્સાહી આગેવાન કાર્યકર હતા. સુરેન્દ્રનગરના મુમુક્ષુમંડળના વિકાસમાં તેમનો મહત્ત્વનો સહયોગ હતો. ગુરુદેવ પ્રત્યે ખૂબ પ્રેમથી અવારનવાર તેઓ સોનગઢ આવીને લાભ લેતા.

* જામનગરવાળા સુરેશ (બાબુ) ભાઈ ખેતસીના ધર્મપત્ની રંજનબેન (–તે શ્રી ખેતસીભાઈ પોપટના પુત્રવધુ) ફાગણ વદ ૧૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સ્વર્ગસ્થની ઉંમર પચીસેક વર્ષની હતી.

ધારગણી (સાવરકુંડલા) ના વતની શ્રી બચુભાઈ ચિત્રાભાઈ દરબાર તા. ૫–૩–૬૯ ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા. કાનાતળાવ મુમુક્ષુમંડળને તેમનો સારો સાથ હતો.

* વાંકાનેરના ભાઈશ્રી લાલચંદભાઈ વકીલ ફાગણ સુદ દસમના રોજ વાંકાનેર મુકામે હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા છે. વાંકાનેર મુમુક્ષુમંડળમાં તેઓ એક ઉત્સાહી આગેવાન હતા. અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

–સ્વર્ગસ્થ આત્માઓ દેવ–ગુરુ–ધર્મની આરાધના વડે આત્મહિત પામો.

## જૈનદર્શન-શિક્ષણવર્ગ

સોનગઢમાં દરવર્ષની માફક જૈન વિદ્યાર્થીભાઈઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ વૈશાખ વદ ૧૦ ને રવિવાર તા. ૧૧–૫–૬૯ થી જેઠ સુદી ૧૪ તા. ૩૦–૫–૬૯ સુધી પૂ. ગુરુદેવની મંગલછત્રછાયામાં વીસ દિવસ સુધી ચાલશે. આ શિક્ષણવર્ગનો લાભ લેવા ઈચ્છા હોય તેમણે નીચેના સરનામે પત્ર લખવોઃ–

**શિક્ષણવર્ગઃ જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

## ઋષભદેવ-સ્તુતિ

આ ઋષભદેવ તીર્થંકરની સ્તુતિ છે.

અનંતા તીર્થંકરો થયા તેમના જેવો સર્વજ્ઞસ્વભાવી આત્મા છે; તેની ઓળખાણપૂર્વક સર્વજ્ઞપદને સાધવા જે તૈયાર થયો તે જીવને, સર્વજ્ઞપદ પામેલા તીર્થંકરો પ્રત્યે બહુમાનનો ભાવ આવે છે.

જ્યાં સુધી સર્વજ્ઞ જેવી સ્વવસ્તુની કિંમત ન આવે ને રાગની કિંમત ભાસે ત્યાંસુધી સર્વજ્ઞની સ્તુતિ સાચી ન થાય. સર્વજ્ઞ જેવા પોતાના આત્માને જાણીને રાગથી જુદો પડયો તે જીવે સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ કરી, તે અરહિંતનો સાચો અનુયાયી થયો.

અહો, શુદ્ધચિદાનંદતત્ત્વની વાર્તા સાંભળવા માટે સ્વર્ગના ઇન્દ્રો પણ ત્યાંથી આ મનુષ્યલોકમાં ભગવાનના સમવસરણમાં આવે છે. દેવોના ઇન્દ્રના વૈભવ કરતાંય આ ચૈતન્યતત્ત્વ મહિમાવંત છે; તેની કથા સાંભળતા ઇન્દ્રોને ઇન્દ્રપદનો વૈભવ પણ તૂચ્છ લાગે છે. જેની કથા પણ દુર્લભ–તે ચૈતન્યના અનુભવની તો શી વાત! એને તો કોઈ વિરલા જ જાણે છે; ને તે સાંભળનારા પણ વિરલા જ હોય છે.

અહા, ચૈતન્યતત્ત્વની કથા વીતરાગરસથી ભરેલી છે, તેમાં રાગનો પોષાક રસ નથી. સામાન્ય પ્રાણીઓને તે નીરસ લાગે છે કેમકે તેમને તો રાગનો પ્રેમ છે, ચૈતન્યરસની એને ખબર નથી. જેને ચૈતન્યના શાંતરસની ખબર નથી તે રાગાદિ વિકારરૂપી અગ્નિમાં સેકાઈ રહ્યા છે છતાં અજ્ઞાનથી તેમાં સુખ માને છે. બાપુ! રાગ તો આકુળતાની ભઠ્ઠી છે.

ભગવાનની સ્તુતિ કરનાર અંતર્ચક્ષુવડે પોતામાં જ ભગવાનને નીહાળીને પોતે પણ ભગવાન જેવો થઈ જાય છે. ને બહારમાં ભગવાનને ભક્તિપૂર્વક નીહાળતાં જે પુણ્યફળ આવે છે તે પણ અપાર છે.

હે સર્વજ્ઞ પ્રભો! આપની સ્તુતિ કરનાર જ્ઞાનનું જ બહુમાન કરે છે ને રાગનો આદર કરતો નથી. વીતરાગને ભજે તે રાગને કેમ આદરે? આપની સર્વજ્ઞતાને ઓળખતાં રાગ અને જ્ઞાનનું પૃથક્કરણ થાય છે.

આ સર્વજ્ઞભગવાનની સ્તુતિમાં પણ ભેગો ધર્મ છે. -કઈ રીતે? તે કહેવાય છે. ભગવાન જેવો પોતાનો આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો જે પ્રત્યક્ષ સ્વસંવેદનરૂપ છે તેનું ભાન કરતાં જે વીતરાગભાવ પ્રગટયો તે ધર્મ છે, ને તે ભગવાનની પરમાર્થભક્તિ છે. સર્વજ્ઞની પરમાર્થસ્તુતિનો સંબંધ પોતાના સર્વજ્ઞસ્વભાવની સાથે છે, રાગ સાથે કે પર સાથે એનો સંબંધ નથી.

ભગવાનનો આત્મા પણ પહેલેથી ભગવાન ન હતો, પહેલાં તો તે પણ અજ્ઞાનીપણે સંસારમાં હતો; પછી આત્માનું ભાન કર્યું કે અહો! હું તો ચૈતન્યવસ્તુ છું, રાગથી ને દેહથી અત્યંત ભિન્ન મારું સ્વરૂપ છે. -આવું અપૂર્વ ભાન કરીને તે આત્મા સાધક થયો; પછી અનુક્રમે આગળ વધતાં ભગવાને છેલ્લા અવતારમાં આત્મસાધના પૂર્ણ કરી. આવા ભગવાનને ઓળખીને ભક્તિ કરનારને ભેદજ્ઞાન થયા વિના રહે નહીં.

## રાજકોટ પછીનો કાર્યક્રમ

ચૈત્ર સુદ તેરસ રવિવારઃ રાજકોટમાં ઉજવીને બીજે દિવસે પ્રસ્થાન.

| | | |
|---|---|---|
| સુરેન્દ્રનગર.......... | ચૈત્ર સુદ ૧૪–૧૫ | સોમ–મંગળ (તા. ૧–૨ એપ્રીલ) |
| અમદાવાદ....... | ચૈ. વદ ૧ | બુધ તા. ૩ |
| પાલેજ........ | ચૈ. વદ ૨ થી ૫ | ગુરુ થી રવિ તા. ૪ થી ૭ |
| સુરત........ | ચૈ. વદ ૬–૭ | (તા. ૮ અને ૯) |
| રસ્તામાં વિશ્રામ | ચૈત્ર વદ ૯ | (આઠમ નથી) |
| થાણા...... | ચૈત્ર. વદ ૧૦ | શુક્રવાર તા. ૧૧ |
| મુંબઈ પ્રવેશ.... | ચૈત્ર વદ ૧૧ | શનિવાર (તા. ૧૨–૪–૬૯) |

* વૈશાખ સુદ બીજ તા. ૧૮ એપ્રીલ રત્નચિંતામણિ જન્મજયંતિ

*પંચકલ્યાણક–મહોત્સવ વૈશાખ સુદ બીજથી સાતમ સુધી.

વૈશાખ સુદ સાતમ બે છે–પહેલી સાતમે મલાડમાં અને બીજી સાતમે ઘાટકોપરમાં જિનબિંબવેદી–પ્રતિષ્ઠા થશે.

* મુંબઈ પછી તા. ૫–૫–૬૯ ની સાંજે ગુરુદેવ પ્લેનદ્વારા ઈન્દોર પધારશે, ને છઠ્ઠી તારીખે ત્યાં રહેશે.

* તા. ૭ અને ૮ મીએ મક્ષીપાર્શ્વનાથ પધારશે. ત્યાં આઠમી તારીખે (વૈશાખ વદ સાતમે) પાર્શ્વનાથપ્રભુના ભવ્ય–વિશાળ–વીતરાગી જિનબિંબની વેદીપ્રતિષ્ઠા નૂતન દિગંબર જિનમંદિરમાં થશે. આ જિનબિંબની પંચકલ્યાણક પ્રતિષ્ઠા રણાસણ મુકામે પૂ. ગુરુદેવના સુહસ્તે અંકન્યાસપૂર્વક થયેલી છે.

* મક્ષીથી એક દિવસ ઈન્દોર થઈને પ્લેનદ્વારા તા. ૯ મીએ પુનઃ મુંબઈ, અને ત્યાંથી પ્લેન દ્વારા તા. ૧૦મીએ પુનઃસોનગઢ પધારશે–એમ હાલનો કાર્યક્રમ ગોઠવાયેલો છે.

## વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

વહાલા વાંચકો અને સાધર્મી બંધુઓ! આ વિભાગ આપણે સાધર્મીઓને એકબીજાના સંપર્કમાં આવીને વાત્સલ્યની વૃદ્ધિ કરાવે છે, અનેકવિધ નવા વિચારો ને ચર્ચાઓ આ વિભાગ દ્વારા જાણવા મળે છે; સુગમ અને સૌને પ્રિય એવો આ વિભાગ હમણાં ગુરુદેવ સાથે પ્રવાસ વગેરે કારણે વ્યવસ્થિત આપી શકાતો નથી; કેટલાય સાધર્મીઓના પત્રો ભેગા થઈ ગયેલા, એ ૨૦૦–૩૦૦ પત્રોમાંથી થોડાકના જ જવાબો હવેના અંકમાં આપી શકીશું. આમ છતાં આપના દરેકના પત્ર ઉપર પૂરતું લક્ષ આપવામાં આવે છે. એક ખાસ સૂચના લક્ષમાં રાખવા વિનતિ કે, આ વિભાગને લગતા પત્રોની સાથે, બીજા કાર્યો (પુસ્તકો મંગાવવાનાં, આત્મધર્મના અંક મંગાવવાના કે લવાજમ વગેરે સંબંધી બીજા કાર્યો) સંપાદક ઉપર ન લખશો, કેમકે એ બધા કાર્યો માટે વ્યવસ્થા વિભાગ જુદો છે, તેનું સરનામું (મેનેજર, આત્મધર્મકાર્યાલય સોનગઢ) એ પ્રમાણે છે. આત્મધર્મના લેખન–સંપાદન સંબંધી કે બાલવિભાગ સંબંધી પત્રવ્યવહાર– (સંપાદક આત્મધર્મ, બ્ર, હરિલાલ જૈન, સોનગઢ) એ સરનામે કરવો. ગુરુદેવ સાથે પ્રવાસ દરમિયાન ગામેગામ ઘણાય બાલસભ્યો સાધર્મી બંધુઓ મળ્યા ને સૌએ ઉલ્લાસથી ધર્મપ્રેમ બતાવ્યો; –તે સૌને ધન્યવાદ! વિશેષ આવતા અંકે.

(जयजिनेन्द्र) –સંપાદક

## શ્રી જૈન વિદ્યાર્થીગૃહ: સોનગઢ

આ વિદ્યાર્થીગૃહ ૧૭ વર્ષથી ચાલે છે ને જૈન વિદ્યાર્થીઓને ભેદભાવ વગર દાખલ કરવામાં આવે છે. સોનગઢ ગુરુકુલ–હાઇસ્કૂલમાં ધોરણ ૫ થી ૧૧ (એસ. એસ. સી) સુધીના અભ્યાસની સગવડ છે. ૧૦ થી ૧૮ વર્ષના બાળકોને બોર્ડિંગમાં દાખલ કરવામાં આવે છે.

માસિક પૂરી ફી–રૂા. ૪૦ (ચાલીસ) છે અને ઓછી ફી રૂા. ૨૫ (પચીસ) છે. વિદ્યાર્થીઓને સ્કૂલના અભ્યાસ ઉપરાંત ધાર્મિક તત્ત્વજ્ઞાન પણ શીખવાય છે, તથા ગુરુદેવના પ્રવચનોનો પણ લાભ મળે છે.

બોર્ડિંગનું સત્ર (ટર્મ) તા. ૧૫ જુન ૧૯૬૯ થી શરૂ થશે. દાખલ થવા ઈચ્છનારે પંદર પૈસાની ટીકીટ મોકલીને ફોર્મ મંગાવી લેવું, ને વાર્ષિક પરિક્ષાના પરિણામની સાથે તા. ૧૫ મી મે સુધીમાં ભરીને મોકલવું.

મંત્રીઃ જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પરમસ્વભાવની ભાવનાથી સિદ્ધપદ પમાય છે. અંતર્સ્વભાવને અવલંબતા મોક્ષમાર્ગ ઊઘડી જાય છે. -તે મોક્ષમાર્ગ રાગ વગરનો છે.

અહો! આ અધ્યાત્મવસ્તુ ઓળખવા જેવી છે. ચૈતન્યના અગમ ખજાના અંદર ભર્યા છે. અંતરના અનંત પ્રયત્નવડે જેનો પત્તો ખાય ને અનુભવમાં આવે એવી આ ચીજ છે; બહારના વિકલ્પોથી એનો પત્તો ખાય તેમ નથી. વિકલ્પનું ઉત્થાન ચૈતન્યસ્વરૂપમાં નથી, ચૈતન્યસ્વરૂપમાં વિકલ્પ હોય તો ટળે નહિ. ચૈતન્યભાવ અને વિકલ્પ–રાગભાવ એ બંનેની જાત જ જુદી છે. ચૈતન્યવસ્તુને ધ્રુવસ્વભાવપણે જુઓ તો તે મોક્ષસ્વરૂપ જ છે, તેને શક્તિરૂપ મોક્ષ કહેવાય છે; (સર્વ જીવ છે સિદ્ધસમ; અથવા સિદ્ધસમાન સદા પદ મેરો.....) તે સ્વભાવની સન્મુખ થતાં પર્યાયમાંથી રાગદ્વેષ–મોહરૂપ બંધનનો અભાવ થઈને વીતરાગી મોક્ષદશા પ્રગટે છે તે વ્યક્તિરૂપ મોક્ષ છે. અહીં તેના કારણરૂપ શુદ્ધપર્યાયની વિચારણા છે. મોક્ષના કારણરૂપ જે શુદ્ધપર્યાય છે તેમાં આનંદનું વેદન છે ને રાગનો અભાવ છે, તે ધ્રુવસ્વભાવને અવલંબનારી છે. જીવને પોતાના અસલી ચિદાનંદસ્વભાવની કિંમત ભાસે તો તેને રાગાદિ પરભાવોની કિંમત ઊડી જાય, ને બહારના અલ્પ જાણપણાનો મહિમા છૂટી જાય, એટલે તેનાથી વિમુખ થઈને અંતરમાં ચૈતન્યચમત્કારની સન્મુખ થાય. અસ્થિર ભાવોમાં દ્રષ્ટિ થંભતી નથી, મહિમાવંત એવો પોતાનો સ્થિર સ્વભાવ તેમાં દ્રષ્ટિ કરે તો ત્યાં દ્રષ્ટિ થંભે ને પરમઆનંદના વેદનરૂપ દશા પ્રગટે. –આવી દશા તે મોક્ષનું કારણ છે. મોક્ષના આવા માર્ગને અનાદિથી જીવે જાણ્યો નથી. –સાધે તો ક્યાંથી? અંદર પોતાની વસ્તુમાં કેટલી તાકાત ને કેટલો આનંદ ભર્યો છે તેનું માપ કાઢતાં જીવને આવડયું નથી. –તે માપ કઈ રીતે નીકળે? અંતર્મુખ જ્ઞાનપર્યાયવડે તેનું માપ નીકળે, વિકલ્પ વડે એનું માપ ન નીકળે. અંદરમાં આનંદની અખૂટ ખાણ ભરી છે તેને અવલંબીને જે ભાવ થાય તે જ પૂર્ણાનંદરૂપ મોક્ષદશાનું કારણ થાય તેને શુદ્ધઉપાદાનકારણ પણ કહેવાય છે. ત્રિકાળીદ્રવ્યને પણ શુદ્ધઉપાદાન કહેવાય છે, ને તેના આશ્રયે થયેલી શુદ્ધપર્યાયને પણ શુદ્ધઉપાદાન કહેવાય છે; અને કોઈવાર પૂર્વ પર્યાયરૂપ વર્તતા દ્રવ્યને ઉત્તરપર્યાયનું ઉપાદાન કહેવાય છે. દ્રવ્યપર્યાયરૂપ વસ્તુમાં જે

વખતે જે વિવિક્ષા હોય તે સમજવી જોઈએ. દ્રવ્ય–પર્યાયરૂપ વસ્તુને જાણ્યા વગર કાર્ય–સિદ્ધિ થઈ શકે નહિ. પર્યાય વગરનું એકલું ધ્રુવ માનનારને દુઃખ બદલીને આનંદનો અનુભવ પ્રગટવાનું બની શકતું નથી. અને ધ્રુવ વગરની એકલી અવસ્થા માનનારને પણ દુઃખીમાંથી સુખી થવાનું બનતું નથી, કેમકે બીજા સમયે તો તેનું અસ્તિત્વ જ નથી રહેતું–તો સુખી કોણ થાય? માટે દ્રવ્યપર્યાય બંનેરૂપ વસ્તુ છે તેના સ્વીકારથી જ બધી સિદ્ધિ થાય છે. કલ્પના વડે કોઈ જીવ ધર્મના નામે ગમે તેમ વિપરીત માની લ્યે તેથી કાંઈ વસ્તુસ્થિતિ તેવી નથી થઈ જતી, પણ તેના જ્ઞાન–શ્રદ્ધા મિથ્યા થાય છે ને તેથી તે જીવ દુઃખી થાય છે. અરે, આનંદનું ધામ ચૈતન્યવસ્તુ આત્મા....એને દુઃખ કેમ ગમે? ભાઈ! આનંદથી ભરેલા તારા ધ્રુવધામમાં દ્રષ્ટિ કરતાં તારી પર્યાય પણ આનંદરૂપ થઈ જશે. –તેને ભગવાન મોક્ષનું કારણ કહે છે.

સમ્યગ્દર્શન શુદ્ધપારિણામિક પરમભાવને વિષય કરે છે, તેને શ્રદ્ધામાં લઈને તેમાં અભેદ થાય છે તેનું નામ ભાવના છે. એ જ રીતે સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર પણ તેને જ અવલંબીને અભેદ થાય છે. આ રીતે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું અવલંબન શું? –પોતાનો પરમસ્વભાવ જ તેનું અવલંબન છે. રાગ કે નિમિત્ત તે કોઈ મોક્ષમાર્ગનું અવલંબન નથી. કલિયુગમાં તો આગમ અને જિનબિંબનો આધાર છે–એ વાત વ્યવહારની છે. ત્રણેકાળે ભગવાન આત્મા ચૈતન્યબિંબ પોતે પોતાના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને અવલંબન દેનાર છે.

| | | |
|---|---|---|
| * સમ્યગ્દર્શનપર્યાયને | દ્રવ્યનું અવલંબન છે, | રાગનું અવલંબન નથી. |
| * સમ્યગ્જ્ઞાનપર્યાયને | દ્રવ્યનું અવલંબન છે, | રાગનું અવલંબન નથી. |
| * સમ્યક્ચારિત્રને | દ્રવ્યનું અવલંબન છે, | રાગનું અવલંબન નથી. |
| * ક્ષાયિકભાવને | દ્રવ્યનું અવલંબન છે, | રાગનું અવલંબન નથી. |
| * ઉપશમભાવને | દ્રવ્યનું અવલંબન છે, | રાગનું અવલંબન નથી. |
| * સમ્યક્ક્ષયોપશમભાવને | દ્રવ્યનું અવલંબન છે, | રાગનું અવલંબન નથી. |
| * શુદ્ધપરિણતિરૂપ ભાવનાને | દ્રવ્યનું અવલંબન છે, | રાગનું અવલંબન નથી. |

–આમ મોક્ષમાર્ગના બધા નિર્મળભાવોમાં પોતાના શુદ્ધ આત્મદ્રવ્યનું જ અવલંબન છે, બીજા કોઈનું અવલંબન તેમાં નથી, અવલંબન લેવું એટલે તેમાં અભેદ થઈને તેને ભાવવું–ધ્યાવવું; તે જ ભાવના છે. આવી અભેદભાવના તે મોક્ષમાર્ગ છે, તેમાં રાગનો વિકલ્પ નથી. આવી જે રાગ વગરની ભાવના છે તે ઉપશમાદિભાવોરૂપ છે. પારિણામિકભાવ પોતે ભાવનારૂપ પણ નથી, ભાવનાના

વિષયરૂપ છે. ભાવના કહો, શુદ્ધચૈતન્યપરિણામ કહો, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કહો, ઉપશમાદિ ભાવ કહો, કે મોક્ષમાર્ગ વગેરે નામ કહો, તે બધા એકપર્યાયને જ લાગુ પડે છે. તે પર્યાયે અંતર્મુખ થઈને પોતાના પરમસ્વભાવનું અવલંબન લીધું છે, તે શુદ્ધાત્મઅભિમુખ થઈ છે. જીવની આવી દશા થાય ત્યારે તે મોક્ષમાર્ગમાં આવ્યો કહેવાય.

અહો, આ તો જૈનધર્મના સ્યાદ્વાદની સુગંધ છે. શુદ્ધદ્રવ્યની ભાવના વડે શુદ્ધપર્યાય થઈ, એટલે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેય રાગરહિત શુદ્ધ થયા. પરમાત્માની ભાવનારૂપ જે ભાવ છે તેના વડે ચૈતન્ય પરમેશ્વરના દરબારમાં પ્રવેશાય છે; તે ભાવનામાં નિશ્ચયરત્નત્રય સમાઈ જાય છે, પણ રાગનો પ્રવેશ નથી. ભાઈ, તારી મોક્ષપર્યાયનું કારણ દેહાદિ પરમાં તો નહીં, રાગાદિ ઉદયભાવમાં પણ નહીં, ધ્રુવસ્વભાવની સન્મુખ જોયે મોક્ષમાર્ગ પ્રગટે છતાં ધ્રુવસ્વભાવ પોતે મોક્ષના કારણરૂપ થતો નથી, મોક્ષના કારણરૂપ ભાવનાપરિણતિ છે. ઉત્પાદ–વિનાશ વગરનો, બંધ–મોક્ષ વગરનો, પરમઆનંદથી ભરેલો જે સહજ પારિણામિક પરમભાવ છે તેમાં પર્યાય એકાકાર થતાં અતીન્દ્રિય આનંદનું ઝરણું વહે છે. આવા નિજસ્વરૂપને ભાવવું–અનુભવવું–તેમાં પરિણમવું તે મોક્ષની સાચી ભાવના છે. આવી ભાવના વડે ભવનો અભાવ થાય છે.

અરે જીવ! તારા આવા ઉત્તમ તત્ત્વની ભાવના તો કર, આવા તત્ત્વના અનુભવની તો શી વાત! –એના વિચાર કરે તોપણ શરીર ને રોગ બધું ભૂલાઈ જાય તેવું છે. શરીરની સંભાળ (મમતા) આડે આત્માને ભૂલી રહ્યો છો, તેને બદલે શરીરને ભૂલીને આત્માની સંભાળ કરને! શરીર ક્યાં તારું સાચવ્યું સચવાય છે? તું ગમે તેટલી એની સંભાળ કર છતાં એ તો કાળે છૂટી જવાનું છે. તેની મમતા કરીને મફતનો તું દુઃખી થઈશ. ક્યાં મૃતકકલેવર શરીર, ને ક્યાં આનંદથી ભરેલો આત્મા! બંને જરાક એકક્ષેત્રે રહ્યા ત્યાં તો આત્મા પોતાને ભૂલીને શરીરરૂપે જ માની બેઠો. બાપુ! તું શરીર નથી, તું તો અરૂપી આનંદઘન છો......જાણનારો જાગતો ભાવ તે જ તું છો. –આવા આત્માને લક્ષમાં લે.

આત્માના પાંચ ભાવોમાં કયા ભાવો મોક્ષનું કારણ છે તેનું આ વર્ણન ચાલે છે. સ્વભાવની ભાવનાથી પ્રગટેલો ઔપશમિકાદિ ત્રણભાવો મોક્ષનું કારણ છે, ને તે ત્રણે ભાવો રાગરહિત છે એટલે રાગને (ઔદયિકભાવને) મોક્ષકારણમાં ન લેવો; આ રીતે અસ્તિ–નાસ્તિરૂપ અનેકાંતથી મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું. આવા મોક્ષમાર્ગની શરૂઆત ચોથા ગુણસ્થાનમાં થઈ ગઈ છે. રાગરહિત એવો ઉપશમાદિભાવ, એટલે કે શુદ્ધઆત્માનું અવલંબન ચોથા ગુણસ્થાનથી શરૂ થઈ જાય છે. જેટલું શુદ્ધાત્માનું અવલંબન તેટલી શુદ્ધતા છે, ને તે શુદ્ધતાનાં જ ઉપશમાદિ નામો છે,

ઉદયભાવો તેનાથી બહાર છે. જેટલું શુદ્ધપરિણમન થયું તેમાં તો રાગ છે જ નહિ. તે કાળે જે રાગ હોય તે શુદ્ધજ્ઞાનથી જુદાપણે છે, એકપણે નહીં. ચોથા ગુણસ્થાને પણ શુદ્ધાત્માને અવલંબીને સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સ્વરૂપાચરણ થયું છે તે તો રાગરહિત જ છે.

'ત્યાં રાગ છે તો ખરો ?'

–તે કાળે રાગ હો તેથી શું ? આખી દુનિયા છે, પણ તેનાથી જ્ઞાન જાુદું છે, જ્ઞાન તેને કરતું નથી. તેમ રાગનેય જ્ઞાન કરતું નથી, ભોગવતું નથી, જાણે જ છે. માટે સમ્યગ્દ્રષ્ટિના સમ્યક્ત્વાદિ જે નિર્મળભાવો છે તે તો રાગથી મુક્ત જ છે, જાુદા જ છે. આત્મા પરથી તો જાુદો હતો જ, ને સ્વસન્મુખ પરિણતિ થતાં તે રાગથી પણ જાુદો થયો. રાગ રાગમાં છે પણ રાગ જ્ઞાનમાં નથી, કેમ કે જ્ઞાને રાગને પકડયો નથી; જ્ઞાનમાં રાગ જણાતાં 'આ રાગ હું' એવું વેદન જ્ઞાનમાં નથી થતું, પણ 'હું જ્ઞાન છું' એમ જ્ઞાન તો પોતાને જ્ઞાનપણે જ વેદે છે. આવા જ્ઞાનવેદનની સાથે આનંદ છે, પણ રાગ તેમાં નથી.

અરે જીવ ! મોક્ષના કારણરૂપ તારી નિર્મળપર્યાય કેવી હોય તેને ઓળખ તો ખરો ! તારી મોક્ષસંપદાને ઓળખીશ તો તેવી દશા પ્રગટ થશે. મોક્ષના કારણરૂપ તે પર્યાય પરભાવોથી તો શૂન્ય છે, ને પોતાના શુદ્ધસ્વભાવને જ અવલંબનારી છે. અંતરમાં ઝુકેલી તે પર્યાય જગતના પદાર્થોથી જાુદી, દેહથી જાુદી, વચનથી જાુદી, કર્મોથી જાુદી, ને રાગાદિ ભાવકર્મોથી પણ જાુદી છે; પણ તે જ્ઞાનથી ભરપૂર, શ્રદ્ધાથી ભરપૂર, એમ અનંત નિજભાવોથી ભરપૂર છે. સમ્યગ્દ્રષ્ટિની સંપદા કોઈ અનેરી છે. એની ચૈતન્યસંપદા પાસે જગતની કોઈ સંપદાની કિંમત નથી. જગતની જડસંપદાઓને ધર્માત્મા પોતાની માનતા નથી. નિજસંપદાથી ભરપૂર જે ચૈતન્યસ્વભાવ, તેના આશ્રયે પર્યાયમાં રત્નત્રયાદિ નિર્મળસંપદા પ્રગટે છે, ને તેના વડે સિદ્ધપદ પમાય છે. આ સિવાય પુણ્યની સંપદા વડે સિદ્ધપદ પામી શકાતું નથી.

**✻ સમયસારની ગાથા ૩૨૦ ઉપરનાં પ્રવચનોનું પુસ્તક રાજકોટમાં પૂ. ગુરુદેવની મંગલ છત્રછાયામાં પ્રકાશિત થશે; એનું નામ છે 'જ્ઞાનચક્ષુ' આત્મધર્મના ગ્રાહકોને તે શ્રી મોહનલાલ કાનજીભાઈ ઘીયા તરફથી ભેટ મળવાનું છે.**

**✻"વીતરાગવિજ્ઞાન" પુસ્તક કુપનવાળા ગ્રાહકોને ભેટ આપવાનું હજી ચાલુ જ છે; તો તે મેળવી લેશોજી.**

# ભગવાન મહાવીર......તેમનો વીરમાર્ગ

卐

## ( સોનગઢ પરિવર્તનધામમાં ચૈત્ર સુદ તેરસે ગુરુદેવનું પ્રવચન )

આજે ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરના જન્મનો કલ્યાણક દિવસ છે. ઈંદ્રો પણ તેનો ઉત્સવ ઊજવે છે. ભગવાનનો જન્મ ઘણા જીવોને તરવાનું કારણ છે. તેથી તે કલ્યાણક છે. તે આત્મા પોતે આત્મભાન કરીને ઉન્નતિક્રમમાં ચડતાં ચડતાં પૂર્ણાનંદદશાને આ ભવમાં પામવાનો છે. પૂર્વભવમાં આત્માનું ભાન કરીને વીરતા પ્રગટ કરી, પણ હજી પૂર્ણતા થઈ ન હતી ત્યારે ધર્મની પૂર્ણતા પ્રાપ્ત કરવાની ભાવનામાં વચ્ચે વિકલ્પથી તીર્થંકરનામકર્મ બંધાયું. ચૈતન્યના અતીન્દ્રિયસ્વભાવની કિંમત કરીને અંતરમાં તેનું વેદન કરતાં કરતાં આ અવતાર થયો છે. પહેલાં સ્વભાવની કિંમત ભૂલીને અજ્ઞાનથી સંયોગની કિંમત કરતો, પછી ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને તેની કિંમત ને મહિમા આવતાં ભગવાનનો આત્મા તેના વેદન તરફ વળ્યો....અહો, આ ભવમાં ભગવાને આત્માની સાધના પૂરી કરી. ઈંદ્રો ભગવાનને આજે મેરૂપર્વત ઉપર જન્માભિષેક કરવા લઈ ગયા હતા. ચૈતન્યવજ્રમાં જેમ વિભાવ ન પ્રવેશે, તેમ ભગવાનનું શરીર પણ વજ્રકાય હતું. મણિરત્નના મોટા મોટા ઘડા ભરીને પાણી મસ્તક ઉપર ઈંદ્રો રેડે–છતાં ભગવાનને જરાય આંચ નથી આવતી. અંદરમાં રાગની આંચ નથી આવતી, રાગથી અલિપ્ત રહે છે. અંતરમાં ચિદાનંદ તત્ત્વને દેહથી પાર ને રાગથી પાર દેખ્યું છે, –એને જોતાં ઈન્દ્ર ને ઈંદ્રાણી પણ ભક્તિથી નાચી ઊઠે છે. અહા, અનાદિના સંસારનો અંત કરીને ભગવાન હવે આ ભવમાં સાદિ–અનંત એવી સિદ્ધદશાને સાધશે. રાગ અને સ્વભાવની એકતારૂપ બેડીના બંધન તો અમે પણ તોડી નાખ્યા છે –એવા ભાનસહિત, જેમ માતા પાસે કે પિતા પાસે બાળક થનગન નાચે, તેમ ભગવાન પાસે ઈંદ્રો નાચી ઊઠે છે. હજી તો ભગવાન પણ ચોથા ગુણસ્થાને છે, ને ઈંદ્ર પણ ચોથા ગુણસ્થાને છે છતાં તે ઈંદ્ર ભગવાન પાસે ભક્તિથી નાચી ઊઠે છે કે અહા! આ ભરતક્ષેત્રની ધન્ય પળ છે; વીરતા પ્રગટ કરીને પોતે તો પૂર્ણ પરમાત્મા થશે, ને જગતના ઘણા જીવોને પણ ભવથી તરવાનું નિમિત્ત બનશે. ધન્ય છે ભગવાનનો અવતાર! એના જન્મની ધન્ય ઘડી, ધન્ય પળ ને ધન્ય દિવસ છે. ભગવાને અમૃતના સાગરને ઊછાળીને મુનિદશા અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું, પછી પાવાપુરીથી મોક્ષધામ પામ્યા.

આ રીતે ભગવાન આત્માનું પરિવર્તન થયું; અનાદિનો સંસારભાવ છૂટીને અપૂર્વ સિદ્ધભાવ પ્રગટ થયો. એવા પરિવર્તનનો આજનો દિવસ છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવને મહાવીરપરમાત્માનો સીધો પ્રત્યક્ષ સંબંધ થયો ન હતો, પરોક્ષભક્તિ હતી ને સીમંધરપરમાત્માનો તો સાક્ષાત્ પ્રત્યક્ષયોગ થયો હતો. અહો, પંચમકાળે આ ક્ષેત્રના જીવને બીજા ક્ષેત્રના તીર્થંકરનો સાક્ષાત્ ભેટો થાય એ પાત્રતા કેટલી! ને કેટલા પુણ્ય! એવા આચાર્યભગવાને તીર્થંકરપરમાત્માની વાણી ઝીલીને આ શાસ્ત્ર રચ્યું છે. તેમાં આત્માનું સ્વસંવેદન કેમ થાય તે વાત આ ૧૭૨ મી ગાથામાં અલૌકિક રીતે બતાવી છે. અલિંગગ્રહણના વીસ બોલમાંથી આજે છઠ્ઠો બોલ ચાલે છે.

અતીન્દ્રિય ચિદાનંદમૂર્તિ ભગવાન આત્મા ઈંદ્રિયોથી જાણનારો નથી, તેમ જ તે ઈંદ્રિયોવડે જણાય તેવો નથી; ઈદ્રિયગમ્ય ચિહ્નો વડે પણ તે જણાતો નથી, એકલા અનુમાનવડે પણ તે જણાતો નથી, તેમ જ પોતે એકલા અનુમાનવડે બીજાને જાણે–એવો પણ નથી. લિંગથી એટલે ઈંદ્રિયોથી–વિકલ્પોથી કે એકલા અનુમાનથી નહિ પણ પ્રત્યક્ષ સ્વસંવેદનથી જાણનાર એવો પ્રત્યક્ષજ્ઞાતા આત્મા છે, પહેલાં પાંચ બોલમાં ઈંદ્રિયો કે એકલું અનુમાન વગેરે વ્યવહાર કાઢી નાખ્યો, ને આ છઠ્ઠા બોલમાં હવે પ્રત્યક્ષજ્ઞાતા કહીને અસ્તિથી વાત કરી છે.

વર્તમાન પર્યાયની સ્ફુરણામાં સ્વભાવના નિર્ણયનું જોર ન આવે ત્યાંસુધી તે અંતર્મુખ થઈ શકે નહિ. સ્વસંવેદનથી સ્વયં પ્રકાશે એવો સ્વયંપ્રકાશી આત્મા છે. ભાઈ, ચૈતન્યનો મહિમા ઘૂંટતા ઘૂંટતા તારા નિર્ણયમાં એમ આવે કે અહો! મારી આ વસ્તુ જ સ્વયં પરિપૂર્ણ–જ્ઞાનાનંદસ્વરૂપ છે,–આવા નિર્ણયથી અંતર્મુખ થતાં સ્વસંવેદનવડે આત્મા પ્રત્યક્ષજ્ઞાતા થઈ જાય છે;–એનું નામ સમ્યગ્દર્શન છે, તે પૂર્ણતાના પંથે ચડયો, તેણે પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો, તે વીરના માર્ગે વળ્યો, –આ છે ભગવાન મહાવીરનો સન્દેશ!

ભાઈ, બહારનું બધું એકવાર ભૂલી, અંતરવસ્તુનો નિર્ણય કરવામાં એવું જોર લાવ કે દ્રષ્ટિ અંતરમાં વળે...સ્વભાવનું ઘણું ઘણું માહાત્મ્ય અને અધિકાઈ લક્ષમાં લેતાં તે અનુભવમાં આવે–એનું નામ ધર્મ છે. આ સિવાય બીજા ઝગડામાં રૂકાવટ થાય તે મોક્ષપંથમાં આડખીલીરૂપ છે. તારા જ્ઞાન ને આનંદનું તને પ્રત્યક્ષ વેદન થાય–તે ન જણાય એવું નથી, પ્રત્યક્ષજ્ઞાતા થઈને આત્મા પોતે સ્વસંવેદનથી પોતાને જાણે છે. પહેલા બોલમાં ઈંદ્રિયો વગેરેનો નિષેધ કરીને છઠ્ઠા બોલમાં સ્વભાવવડે આત્મા જાણે–એમ

કહીને તેને પ્રત્યક્ષજ્ઞાતા કહ્યો. આત્મા પોતે ઇંદ્રિયોની અપેક્ષા વગર, મનના કે વિકલ્પના અવલંબન વગર સ્વભાવથી જ સ્વસંવેદનવડે પોતાને જાણે છે.

ઉપયોગ તે આત્માનું ચિહ્ન છે. તે ઉપયોગ નામના લક્ષણમાં જ્ઞેયોનું અવલંબન નથી, પણ તે ઉપયોગ આત્માને જ અવલંબીને કામ કરે એવો તેનો સ્વભાવ છે. ઉપયોગવડે બહારનું ઘણું જાણ્યું કે ઘણા શાસ્ત્રો વાંચ્યા માટે હવે ઉપયોગને અંતરમાં વાળવાનું સહેલું પડશે–એમ નથી. ઉપયોગને આત્માનું જ અવલંબન છે; એકલા શાસ્ત્રના અવલંબનવાળો ઉપયોગ તે ખરો ઉપયોગ નથી. તેમાં પરાવલંબન છે, તેમાં ઉપયોગની હાની છે. ઉપયોગ પોતાનો ને અવલંબન કરે પરનું–તો એવા ઉપયોગને આત્માનો ઉપયોગ કોણ કહે? ઉપયોગ અંતરમાં વાળીને આત્મદ્રવ્યનું અવલંબન કરે તે જ ખરો ઉપયોગ છે. તેમાં જ આત્માનું ગ્રહણ છે. આત્માનું ઘર છોડીને એકલા પરઘરમાં જ ફરે–તો એવી પરિણતિને શાસ્ત્રો બાહ્ય બુદ્ધિ કહે છે. ભાઈ, ઉપયોગને અંતરમાં વાળ્યા વગર ત્રણ કાળમાં સમ્યગ્દર્શન થતું નથી, પણ એકલા શાસ્ત્રના અભ્યાસથી જે ધર્મ માની લેતો હોય, –ને ઉપયોગને અંતરમાં વાળવાનો ઉદ્યમ ન કરતો હોય–તો તેને કહે છે કે ઊભો રહે, –એમ એકલા શાસ્ત્ર તરફના ઉપયોગથી ધર્મ નહિ થાય; ઉપયોગને અંતરમાં વાળીને આત્માને લક્ષમાં લીધા વગર કદી ધર્મ થાય નહીં. ઉપયોગને અંતરમાં પણ ન વાળે ને શાસ્ત્રનો અભ્યાસ પણ છોડી દે–તો તો સ્વચ્છંદી થઈને અશુભમાં જશે. ભલે એકલા શાસ્ત્રથી અંતરમાં નથી જવાતું પણ જેને આત્માના અનુભવનો પ્રેમ હોય તેને તેના અભ્યાસ માટે શાસ્ત્રાભ્યાસ, ઉપદેશશ્રવણ વગેરેનો પણ પ્રેમ આવે છે. બન્ને પડખાંનો વિવેક કરવો જોઈએ.

ઉપયોગને પરાલંબનથી છોડાવીને, અંતરમાં ચૈતન્યના અવલંબને પૂર્ણતા સાધી. ભગવાન વીરે આ કામ કર્યું ને જગતને પણ એ જ સન્દેશ આપ્યો. અહો, અનાદિના વિકારનો અંત કરી નાખ્યો; ને અપ્રતિહત નિર્મળ દશા પ્રગટ કરી. જે સદાકાળ સ્વાલંબને એમ ને એમ અનંત–અનંતકાળ ટકી રહેશે. આવું ભગવાન વીરે કર્યું ને તેનો જ ઉપદેશ આપ્યો. આ રીતે મોક્ષને સાધીને મોક્ષનો પંથ બતાવ્યો તેથી ભગવાનનો ઉત્સવ ઉજવાય છે.

વીરપ્રભુએ ઉપયોગને અંતર્મુખ કરીને, આત્મિક વીરતા વડે મોક્ષદશા સાધી, અને ઉપદેશમાં પણ એ જ માર્ગની હાકલ કરી, કે હે જીવો! તમારા ઉપયોગને અંતરમાં વાળીને આત્માને સ્વસંવેદનપ્રત્યક્ષ કરો. આ જ વીરનો માર્ગ છે.

**जय महावीर**

## પં. બુધજનરચિત છહઢાળા ! બીજી ઢાળ: ( સંસારદુ:ખ વર્ણન )

### ( જોગીરાસા )

સુન રે! જીવ કહત હૂં તુઝસે તેરે હિતકે કાજે,
હો નિશ્ચલ મન જો તૂ ધારે તો કુછ ઈક તોહિ લાજે;
જિસ દુ:ખસે થાવર તન પાયા વરણ સકોં સો નાહીં,
અઠદસવાર મરા ઔર જન્મા એક શ્વાસકે માહીં. ( ૧ )
કાલ અનંતાનંત રહો યોં પુન વિકલત્રય હૂવો,
બહુરિ અસૈની નિપટ અજ્ઞાની ક્ષણક્ષણ જન્મો મૂવો;
પુણ્ય ઉદય સૈની પશુ હૂવો બહુત જ્ઞાન નહિં ભાલો,
ઐસે જન્મ ગયે કર્મોંવશ તેરા જોર ન ચાલો. ( ૨ )
જબર મિલો તબ તોહિ સતાયો, નિબલ મિલો તેં ખાયો,
માત તિયાસમ ભોગી પાપી તાતેં નર્ક સિધાયો;
કોટિક બિચ્છૂ કાટેં જૈસે ઐસી ભૂમિ જહાં હૈ,
રુધિરરાધિજલછાર વહે જહાં દુર્ગંધિ નિપટ તહાં હૈ ( ૩ )
ઘાવ કરે અસિપત્ર અંગમે શીત-ઉષ્ણ તન ગાલેં,
કોઈ કાટેં કર ગહિ કેઈ પાવકમેં પરજાલે;
યથાયોગ્ય સાગરસ્થિતિ ભુગતેં દુ:ખકા અંત ન આવે,
કર્મવિપાક ઐસા હી હોવે માનુષગતિ તબ પાવે. ( ૪ )
માત ઉદરમેં રહે ગેંદ હો નિકસત હી બિલ લાવે,
ડાવા ડાંક કલાં વિસ્ફોટક ડાંકનસે બચ જાવે;
તો યૌવનમેં ભામિનકે સંગ નિશદિન ભોગ રચાવે,
અન્ધા હો ધન્ધા દિન ખોવે બૂઢા નાડિ હલાવે. ( ૫ )
યમ પકડે તબ જોર ન ચાલે સેનહી સેન બતાવે,
મન્દ કષાય હોય તો ભાઈ ભવનત્રિક પદ પાવે;
પરકી સમ્પત્તિ લખિ અતિ ઝૂરે કે રતિ કાલ ગમાવે,
આયુઅન્ત માલા મુરઝાવે તબ લખ લખ પછતાવે. ( ૬ )
તહાંસે ચલકે થાવર હોવે રુલતા કાલ અનંતા,
યા વિધિ પંચ પરાવર્તન કે દુ:ખકા નાહીં અન્તા;
કાલલબ્ધિ જિન ગુરુકૃપાસે આપ આપકો જાનેં;
તબહીં બુધજન ભવોદધિ તરકે પહુંચ જાય નિર્વાણે. ( ૭ )

( અર્થ માટે પાનું નં. ૨૫ જુઓ )

## પં. બુધજનરચિત છહ્ઢાળા ! બીજી ઢાળ: (સંસારદુઃખ વર્ણન)

**(પં. શ્રી દૌલતરામજીની છહ્ઢાળા-કે જેનો હાલમાં ખૂબ પ્રચાર છે, તે તેમણે પં. બુદ્ધજનરચિત છહ્ઢાળાને અનુસરીને લખી છે. સંસારભ્રમણના દુઃખનું કથન પં. દૌલતરામજીએ પહેલી ઢાળમાં કર્યું છે ને બુદ્ધજનજીએ બીજીમાં.)**

(૧) સાંભળ, રે જીવ! તારા હિતને માટે તને કહું છું. જો આ હિતની વાત સ્થિર ચિત્ત થઈને તું અવધારીશ તો, તને લજ્જા આવશે કે અરે! અત્યાર સુધી આ મેં શું કર્યું? અજ્ઞાનથી હું કેટલો બધો દુઃખી થયો! સ્થાવર શરીર પામીને તું જે દુઃખ પામ્યો તે વર્ણવી શકાય તેમ નથી. એકશ્વાસમાં અઢારવાર તો તું જન્મ્યો ને મર્યો.

(૨) એ પ્રમાણે એકેન્દ્રિપર્યાયમાં અનંતાનંતકાળ વીતાવીને ક્યારેક વિકલત્રય થયો; ક્યારેક પંચેન્દ્રિ થયો તોપણ અસંજ્ઞી મહા અજ્ઞાની રહ્યો ને ક્ષણે ક્ષણે જન્મ–મરણ કર્યા. કોઈકવાર પુણ્યઉદયથી સંજ્ઞી પશુ થયો તોપણ વિશેષજ્ઞાન ન પામ્યો; એ પ્રમાણે અજ્ઞાનથી કર્મોને વશ થઈને તેં અનંત જન્મ ગુમાવ્યા, પણ જ્ઞાન વગર તારું જોર ન ચાલ્યું.

(૩) તારાથી બળવાન પશુઓએ તને સતાવ્યો– દુઃખી કર્યો, અને નિર્બળ મળ્યા તેને મારીને તું ખાઈ ગયો; પશુપણે માતાને સ્ત્રીસમાન ભોગવી; આ રીતે પાપી થઈને નરકમાં જઈ પડયો; જ્યાંની કર્કશભૂમિ એવી છે કે તેનો સ્પર્શ થતાં જ જાણે કરોડો વીંછી કરડતા હોય–એવું દુઃખ થાય છે. જ્યાં અત્યંત દુર્ગંધી લોહી પરુ ને ખારા જળ જેવી વૈતરણી નદી વહે છે.

(૪) તે નરકમાં તલવાર જેવા સેમલનાં પાન શરીરને છેદી નાંખે છે, ઠંડી અને ગરમી દેહને ગાળી નાંખે છે; કોઈ નારકી તેને પકડીને કાપે છે ને અગ્નિમાં બાળે છે. બંધઅનુસાર સાગરોપમ સુધી એવા તીવ્ર દુઃખો ભોગવતાં પાર આવતો નથી. ક્યારેક મંદકષાયઅનુસાર શુભકર્મનો વિપાક થતાં તે નરકમાંથી નીકળીને મનુષ્યગતિ પામે છે.

(૫) ત્યાં પણ પ્રથમ તો માતાના ઉદરમાં સંકોચાઈને (દડાની માફક) નવમાસ પુરાઈ રહે છે, અને પછી જન્મતી વખતે ત્રાસથી રડે છે. બાળપણમાં અનેક પ્રકારનાં રોગ ચેચક વગેરેથી કદાચ બચી જાય તો યુવાનીમાં નિશદિન ભામિની સાથેના ભોગવિલાસમાં જ રાચે છે, ને વેપાર ધંધામાં અંધ થઈને જીંદગી ખોઈ નાખે છે, જ્યારે બૂઢો થાય

ત્યારે માથું કંપવા લાગે છે–જાણે કે શરીર કંઈ કામ કરવાની ના પાડતું હોય! (આ રીતે મૂઢ જીવ આત્માના હિતનો ઉપાય કર્યા વગર મનુષ્યભવ ગુમાવે છે.)

(૬) જ્યારે મરણ આવે ત્યારે જોર ચાલતું નથી, બોલી પણ શકતો નથી, એટલે મનની વાત સંજ્ઞા કરી કરીને બતાવે છે. એમ કુમરણે મરીને જો મંદકષાય હોય તો ભવનવાસી–વ્યંતર કે જ્યોતિષી એવા હલકા દેવમાં ઊપજે છે; ત્યાં બીજા મોટા દેવની સંપદા દેખીને ખૂબ ઝૂરે છે અથવા વિષયોની રતિમાં જ કાળ ગુમાવે છે. આયુષના અંતમાં તેની મંદારમાળા કરમાઈ જાય છે તે દેખીને જીવ ઘણો જ પસ્તાય છે. ને આર્ત્તધ્યાનપૂર્વક દેવલોકમાંથી ચવીને સ્થાવર (–એકેન્દ્રિય) થાય છે.

(૭) એ પ્રમાણે અજ્ઞાનથી સંસારમાં રખડતાં જીવે અનંતકાળ સુધી પંચપરાવર્તન કર્યા ને અનંત દુઃખ પામ્યો. તેમાં કાળલબ્ધિથી જિન....ગુરુઓની કૃપાથી જ્યારે આત્મા પોતે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે તે બુધજન ભવસમુદ્રને તરીને નિર્વાણરૂપ સિદ્ધપદમાં પહોંચી જાય છે.

અહો, આ તો ખરેખરી પ્રયોજનભૂત, સ્વાનુભવની ઉત્તમ વાત છે. સ્વાનુભવની આવી સરસ વાર્તા પણ મહાભાગ્યે જ સાંભળવા મળે છે, ને એ અનુભવદશાની તો શી વાત!

મોક્ષમાર્ગનું ઉદ્‌ઘાટન નિર્વિકલ્પ–સ્વાનુભવ વડે થાય છે.

આત્માનો સ્વાનુભવ થતાં સમકિતી જીવ કેવળજ્ઞાની જેટલો જ નિઃશંક જાણે છે કે આત્માનો આરાધક થયો છું ને પ્રભુના માર્ગમાં ભળ્યો છું, સ્વાનુભવ થયો ને ભવકટી થઈ ગઈ; હવે અમારે આ ભવભ્રમણમાં રખડવાનું હોય નહિ. –આમ અંદરથી આત્મા પોતે જ સ્વાનુભવના પડકાર કરતો જવાબ આપે.

# તારા પગલે પગલે નાથ ! ઝરે છે આતમરસની ધાર

( ૨ )

પૂ. ગુરુદેવ સાથેના મંગલ પ્રવાસનાં મધુર સંભારણા અહીં રજુ થાય છે. અહા ! જ્યારે તીર્થંકર ભગવંતો વિચરતા હતા અને તેમની સાથે અનેક સાધકોનો સંઘ વિહરતો હતો-એ દ્રશ્યો ને એ ભાવો કેવા હશે ! એની મધુરી યાદી ગુરુદેવ સાથેના વિહારમાં જાગે છે. માહ વદ છઠ્ઠે સોનગઢથી મંગલ પ્રસ્થાન કર્યા પછી રાણપુર થઈને અમદાવાદ પધાર્યા ને ત્યાં અત્યંત આનંદકારી પંચકલ્યાણક-મહોત્સવ થયો. તેનું કેટલુંક વર્ણન ગતાંકમાં આવ્યું છે. ત્યાર પછીનું અમદાવાદનું તેમજ રણાસણ વગેરેનું વર્ણન અહીં રજુ થાય છે. -બ્ર. હ. જૈન

અમદાવાદ શહેર.....ગુજરાતનું પાટનગર......સવાલાખ જેટલા જૈનોથી શોભતી આ નગરી જિનેન્દ્રભગવાનના કલ્યાણકો વડે વિશેષ શોભી ઊઠી. અને પાટનગરનું આ જિનાલય પણ અદ્ભુત છે, તેમાંય વિશાળ જિનબિંબોની વીતરાગી પ્રભા જિનાલયની ભવ્યતામાં ઓર ઉમેરો કરે છે. આવા જિનમંદિરની શુદ્ધિ ધર્માત્માઓના સુહસ્તે ફાગણ સુદ એકમે થઈ.

<u>ફાગણ સુદ બીજ:</u> આજના સુપ્રભાતમાં સૌધર્મસભામાં એકાએક સિંહાસન ધ્રૂજી ઊઠયું, મંગલ ઘંટનાદ થવા લાગ્યા, શંખ ગાજવા માંડયા ને વાજિંત્રો વાગવા માંડયા......આમ અનેકવિધ મંગલચિહ્નો થતાં શ્રી નેમિતીર્થંકરનો જન્મ થવાનું જાણીને સૌધર્મેન્દ્ર ઐરાવત હાથી પર દેવ-દેવીઓ સહિત આવી પહોંચ્યા, નગરીને પ્રદક્ષિણા કરી....સર્વત્ર આનંદ છવાઈ ગયો. બીજી તરફ સમુદ્રવિજય મહારાજાના દરબારમાં આનંદ છવાઈ ગયો. અમદાવાદનગરી આજ ભગવાનનો જન્મોત્સવ નીહાળીને હર્ષવિભોર બની.....માતાજીની ગોદમાંથી નાનકડા નેમકુંવરને તેડીને ઇન્દ્રાણીએ ઇન્દ્રના હાથમાં આપ્યા......ને ધામધૂમપૂર્વક પ્રભુજીના જન્મોત્સવની સવારી મેરૂપર્વત તરફ ચાલી....નગરીના હજારો-લાખો માણસો આર્શ્ચયથી જોઈ રહ્યા કે અહા, આપણી નગરીમાં આ શું બની રહ્યું છે ! આ શેનો આનંદ છવાઈ રહ્યો છે ! આમ નગરીને આનંદ અને આશ્ચર્યમાં ગરકાવ કરતી પ્રભુજીની સવારી મેરુ પર્વતે આવી પહોંચી ( મેરુની રચના પ્રોપાયટરી સ્કૂલના મેદાનમાં હતી. ) મેરુ પર

પ્રભુજીનો જન્માભિષેક નીરખીને સૌ ધન્ય બન્યા.....વાહ પ્રભુ! આપનો આ અંતિમ અવતાર!! હજી કેવળજ્ઞાન તો ૩૦૦ વર્ષ પછી પામશો, પણ અત્યારે જ આપ જન્મથી તો રહિત થઈ ગયા! જન્મ રહિતનો જન્માભિષેક કેવો આશ્ચર્યકારી છે!! એ જન્માભિષેક ઊજવીને નગરીમાં પાછા આવ્યા ને ઇન્દ્રોએ તાંડવનૃત્ય દ્વારા પોતાનો આનંદ વ્યક્ત કરીને માતા-પિતાનું બહુમાન કર્યું: ધન્ય રત્નકુખધારિણી માતા! તેં જગતને મોક્ષનો માર્ગ દેખાડનારો દીવો આપ્યો.' શિવાદેવી માતાજી પણ પોતાના બાલકુંવરને ગોદમાં તેડીને પરમ પ્રસન્ન થયા. સભાજનો એ દ્રશ્ય નીહાળીને આનંદથી બોલી ઊઠયા: ધન્ય માતા....ધન્ય પુત્ર!

બપોરે પ્રવચન પછી પ્રભુનું પારણાઝૂલન થયું....ભગવાનને ઝુલાવનારા હજારો હાથો પાવન બન્યા.....જગતના નાથ મારી ગોદમાં બિરાજે છે-એવા હર્ષથી પારણીયું પણ આનંદથી ઝૂલતું હતું. રાત્રે રાજસભામાં સેંકડો રાજાઓ આવીને ભેટ ધરતા હતા...શ્રી કૃષ્ણ અને બલભદ્ર જેવા પણ આનંદથી નાચી ઊઠયા હતા....એક યુરોપિયન મુસાફર આવેલા તે તો આ બધું દેખીને અચંબામાં પડી ગયા. રાજુલદેવી સાથે નેમનાથના વિવાહની તૈયારી ચાલતી હતી....જાન અને રથમાં નેમિનાથનું દ્રશ્ય દૂરદૂરથી રાજુલ નીહાળતી હતી....એકબાજુ પશુડાં કરુણ ચિત્કાર કરતાં હતાં....એ કરુણચિત્કાર સાંભળતાં નેમનાથે રથ થંભાવી દીધો ને સંસારથી વિરક્ત થયા. એ પ્રસંગનો સારથી સાથેનો સંવાદ, રાજુલની મનોદશા, નિર્મોહી નેમપ્રભુની અડગતા-વગેરેનું વાતાવરણ અનેરું હતું. દસપંદર હજાર માણસો જોઈ રહેતા કે હવે શું બનશે!

ફાગણ સુદ ત્રીજની સવાર પડી.....લૌકાંતિક દેવો આવી પહોંચ્યા, ભગવાનના વૈરાગ્યની સ્તુતિ અને અનુમોદના કરી....પ્રભુજીનો વનવિહાર શરૂ થયો.....વૈરાગ્ય પ્રસંગની દીક્ષાયાત્રા અદ્ભુત હતી..... ગુજરાત-સૌરાષ્ટ્રમાં ૮૫૦૦૦ વર્ષો પૂર્વે થયેલા એ કલ્યાણકપ્રસંગો ફરીને ગુજરાતના પાટનગરમાં નીહાળીને ગુજરાત ધન્ય બન્યું......દીક્ષાવનમાં (કાંકરીયાના કિનારે વ્યાયામ મંદિરના ચોકમાં) પ્રભુએ દીક્ષા અંગીકાર કરી....સંસાર છોડયો ને શુદ્ધોપયોગમાં લીન થઈને સાક્ષાત્ મોક્ષમાર્ગરૂપ પરિણમ્યા.... ધન્ય એ મુનિરાજ! ધન્ય એ રત્નત્રય-ચારજ્ઞાનધારી સંતને! એ નેમમુનિરાજના દર્શન કરીને સૌ પાવન થયા. મુનિરાજની પૂજા કરી.....ને પછી તો મુનિરાજ વનમાં અંતર્ધાન થઈ ગયા.

એ દીક્ષાવનમાં ભગવાનની મુનિદશાનું સ્વરૂપ સમજાવતું, અદ્ભુત વૈરાગ્યરસભીનું પ્રવચન ગુરુદેવે કર્યું,...ને એ મુનિદશાની ભાવના ભાવી....અહા, આ તો ધમાલીયા અમદાવાદ શહેરમાં બેઠા છીએ-કે ગીરનાર વચ્ચે સહેસાવનના શાંત વાતાવરણમાં બેઠા છીએ! -એમ પ્રવચન વખતે અમદાવાદને ભૂલીને સહેસાવન યાદ આવતું હતું. ગુરુદેવ ભાવભીની શૈલીથી કહેતા હતા કે જુઓ, ભગવાને આજે દીક્ષા અંગીકાર કરીને મુનિદશા પ્રગટ કરી. આ ભવમાં જ પૂર્ણાનંદની પ્રાપ્તિ

કરવાનો છું, તે માટેની ભાવના હતી....ને આજે ભગવાન મુનિ થયા....ગીરનારના સહસ્રામ્રવનમાં ભગવાન “નમો સિદ્ધાણં” એમ સિદ્ધને નમસ્કાર કરીને આત્મધ્યાનમાં લીન થયા.....તે જ વખતે ધ્યાનમાં શુદ્ધોપયોગ સહિત સાતમું ગુણસ્થાન થયું ને ચોથું મનઃપર્યયજ્ઞાન પ્રગટ થયું. દેહથી ભિન્ન ચૈતન્યનું જ્ઞાન તો પહેલેથી હતું....અનુભવ પણ હતો, પણ આજે તો સાક્ષાત્ ચારિત્રરૂપ મુનિદશા પ્રગટ કરી.

દીક્ષાકલ્યાણકના આ પ્રસંગે કુદરતનું વાતાવરણ પણ ઘેરા વૈરાગ્યથી જાણે કે મુનિદશાને અનુમોદી રહ્યું હતું. આ ઉત્સવ પ્રસંગે ત્રણચાર ભાઈઓએ સજોડે બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી હતી. દીક્ષા પછી કેશક્ષેપણ કાંકરીયાના ક્ષીરોદધિમાં થયું....રાત્રે ભક્તિ-ભજન-નાટકનો કાર્યક્રમ હતો.

ફાગણસુદ ૪ ની સવારે પ્રવચન પછી, નેમમુનિરાજ વનમાંથી નગરીમાં પધાર્યા....વરદત્તરાજા તરીકે રોમેશચંદ્ર-બાબુભાઈ ગોપાલદાસે પ્રભુને પડગાહન કરીને નવધાભક્તિપૂર્વક આહારદાન કર્યું...... પોતાના આંગણે આવો ઉત્તમ અવસર દેખીને તેઓને ઘણી પ્રસન્નતા થઈ. પ્રભુજીના આહારદાનનો પ્રસંગ નીહાળીને ચારે બાજુ આનંદ આનંદ છવાઈ ગયો હતો.....જીવનનો એ ધન્ય અવસર કે જ્યારે તીર્થંકરને મુનિદશામાં આહારદાન દેવાતું હોય! બપોરે શ્રી વીતરાગીજિનબિંબો ઉપર અંકન્યાસવિધાન થયું. કહાનગુરુએ એ વીતરાગ જિનબિંબોને ધ્યાવીને, મંત્રાક્ષર વડે પૂજિત બનાવ્યા. ઈંદોરના વિદ્વાન પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથુલાલજી બધી વિધિ સૌને સમજાય તે રીતે શાસ્ત્રાનુસાર કરતા હતા. પ્રતિષ્ઠામહોત્સવમાં જનતાનો ઉલ્લાસ નીહાળીને વારંવાર તેઓ પ્રમોદ બતાવતા.....ને કહેતા કે અત્યારસુધી મેં કેટલીયે પ્રતિષ્ઠાઓ કરાવી, પણ જેટલા ઈંદ્રો અહીંના ઉત્સવમાં ઉલ્લાસથી ભાગ લઈ રહ્યા છે એટલા ઈંદ્રો બીજે ક્યાંય હજી સુધી થયા નથી. ખરેખર, કહાનગુરુનો પ્રભાવ અનેરો છે.

અંકન્યાસ પછી થોડી વારમાં ભગવંતોને કેવળજ્ઞાન થયું.....જ્ઞાનદીવડા અને સમવસરણથી વેદી શોભી ઊઠી. ઈંદ્રોએ ભગવાનના કેવળજ્ઞાનનું પૂજન કર્યું. ત્યારબાદ દિવ્યધ્વનિના સારરૂપ પ્રવચન થયું. પ્રવચન પછી બીજા દિવસની ભવ્ય રથયાત્રા સંબંધી જે ઊછામણી થઈ તે એક જ કલાકની ઊછામણીમાં એકલાખ રૂા. જેટલી બોલી થઈ....આ ઉપરથી ઉત્સવના વાતાવરણનો ખ્યાલ આવશે. રાત્રે કિસનગઢની ભજન મંડળીએ સીતાજીનો વનવાસ અને અગ્નિપરીક્ષાનું ભવ્ય નાટક ચાર કલાક સુધી રજુ કર્યું હતું-જે ઘણું સુંદર કળામય અને ભાવભીનું હતું. પંદર હજાર ઉપરાંતની જનતા મુગ્ધ બનીને તે નીહાળી રહી હતી.

ફાગણ સુદ પાંચમઃ સવારમાં નિર્વાણકલ્યાણક થયું. આ તરફ ભવ્ય જિનાલયમાં મોટું કમળ હજાર હજાર પાંખડી ફેલાવીને આતુરતાથી રાહ જોતું હતું

કે ક્યારે મારા પ્રભુજી પધારે ને ક્યારે મને પાવન કરે! એવામાં તો ભગવાન આવી પહોંચ્યા ને કમળાસન ઉપર બિરાજમાન થયા....કમળ આનંદથી ખીલી ઊઠયું.....માત્ર કમળ જ નહિ-હજારો ભક્તોનાં હૃદય કમળ પણ હર્ષથી ખીલી ઊઠયા......જિનમંદિર શોભી ઊઠયું, માત્ર જિનમંદિર નહિ આખી નગરી શોભી ઊઠી. આવા મહાન જિનાલયથી ગુજરાત ગૌરવવંતુ બન્યું.

બરાબર ૧૧-૪૯ મિનિટે જિનમંદિરમાં મહાન ભક્તિપૂર્વક જિનેન્દ્રભગવંતોની સ્થાપના થઈ.... કહાનગુરુ પરમ ભક્તિપૂર્વક ભગવંતોની સ્થાપના કરતા હતા....વચલામાળે વેદીમાં મૂળનાયક પારસનાથ ભગવાનની સ્થાપના ભાઈ શ્રી પુનમચંદ મલુકચંદ છોટાલાલે કરી હતી, આજુબાજુમાં મહાવીરભગવાન અને સીમંધરભગવાન બિરાજમાન હતા. કમળ ઉપર આદિનાથ ભગવાનની સ્થાપના ભાઈશ્રી હરિલાલ શિવલાલ મનજીભાઈ (લખતરવાળા) ના પરિવારે કરી હતી. આમ આનંદપૂર્વક જિનેન્દ્ર ભગવંતોની સ્થાપનાથી મંદિર શોભી ઊઠયું. અમદાવાદના ભક્તજનોની લાંબા વખતની ભાવના પૂરી થઈ..... અમદાવાદના દરેકેદરેક મુમુક્ષુ ભાઈ-બહેનો આજ અંતરમાં ખુશી અનુભવતા હતા. સૌએ ખૂબજ ઉલ્લાસથી જે રીતે આ ઉત્સવ શોભાવ્યો છે તે બદલ સમસ્ત મુમુક્ષુમંડળ, તેમજ પ્રમુખશ્રી કલ્યાણજી લાલભાઈ પણ ધન્યવાદને પાત્ર છે.

અમદાવાદનું આ જિનાલય ખરેખર ભવ્ય છે- જેને જોતા ફિરોઝાબાદનું જિનાલય યાદ આવી જાય છે. (જિનમંદિરનું કામ જોકે હજી ચાલુ છે, પણ જે ભાગ તૈયાર થયો છે જોતાં પાટનગરના આ જિનાલયની અદ્‌ભુત ભવ્યતા દેખાઈ આવે છે. આ જિનાલય થતાં અમદાવાદમાં કુલ ૮ દિ. જિનાલય થયા છે; કેટલાક મંદિર વિશેષ પ્રાચીન છે. પરંતુ આ મંદિરની ભવ્યતાને લીધે અમદાવાદનું ગૌરવ ભારતમાં વિશેષ પ્રસિદ્ધ થશે.

સવાલાખ જેટલા જૈનોથી ભરેલા ગુજરાતના પાટનગરનું ને જૈનસમાજનું ગૌરવ વધારનારી બીજી એક વાતનો ખાસ ઉલ્લેખ કરવો જરૂરી છેઃ- દિગંબર જૈન-સમાજનો આ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ હોવા છતાં, અમદાવાદના શ્વેતાંબર જૈનસમાજે અત્યંત મધ્યસ્થતા રાખીને અને શક્ય એટલો સહકાર આપીને આખા જૈનસમાજનું ગૌરવ વધાર્યું છે; જરાય વિખવાદ ફેલાય એવું પરસ્પર ક્યાંય બન્યું નથી. અમદાવાદ માટે આ શોભાની વાત છે; ને સારાય ભારતભરમાં આ પ્રકારે પરસ્પર મિત્રતાનું સહકારનું વાતાવરણ ફેલાય તે હવે ભગવાનના અઢી હજારમાં નિર્વાણોત્સવ પ્રસંગે અત્યંત જરૂરી છે.

પ્રતિષ્ઠા ઉત્સવ પછી બપોરે શાંતિવિધાન અને સાંજે ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી.

જિનેન્દ્ર ભગવાનના પંચકલ્યાણક જગતનું કલ્યાણ કરો.

જય પારસનાથ.....જય આદિનાથ.....જય નેમિનાથ...

(નોંધઃ અત્યંત ટૂંકા સમયમાં આ સમાચારો લખી મોકલવાના હોવાથી ટૂંકામાં જ લખી શકાયા છે. તેમજ પ્રસંગોચિત ચિત્રો આપવાની ભાવના હોવા છતાં તે પ્રાપ્ત થઈ શક્યા ન હોવાથી આપી શકાયા નથી, શક્ય હશે તો હવે પછી આપીશું. અમદાવાદના મહાન ઉત્સવ પછી દહેગામ રખિયાલ તલોદ મુનાઈ અને ભીલોડા થઈને ગુરુદેવ નાનકડા રણાસણ ગામે પધાર્યા ને ત્યાં પણ અમદાવાદ જેવો જ મોટો પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ થયો. જેનું આનંદકારી વિવેચન હવે પછીના પાનામાં આપ વાંચશો.)



'ॐ अं नमः'

卐

# તારા પગલે નાથ ! ઝરે છે આતમરસની ધાર

## (૩)



ગુજરાતના પાટનગર અમદાવાદ શહેરમાં આનંદપૂર્વક ભવ્ય પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો, ને ભગવાનના બિરાજમાન થવાથી જિનાલય શોભી ઊઠયું, જિનાલય વડે અમદાવાદ શોભી ઊઠયું. ફાગણ સુદ છઠ્ઠની સવારમાં ભગવાનશ્રી આદિનાથ વગેરે ભગવંતોને સ્તવીને અને અર્ઘવડે પૂજીને પૂ. ગુરુદેવે અમદાવાદથી દહેગામ તરફ મંગલ પ્રસ્થાન કર્યું.

ફાગણ સુદ સાતમના રોજ દહેગામથી રખિયાલ–સ્ટેશન પધાર્યા. આજે જ અહીંના જિનમંદિરની પ્રતિષ્ઠાનો દિવસ હતો; ગુરુદેવના હસ્તે જિનેન્દ્રભગવાનની વેદીપ્રતિષ્ઠા થઈ; તેમજ મંદિર ઉપર નુતન ધ્વજારોહણ થયું.

ફાગણ સુદ ૮–૯ (તા. ૨૪–૨૫, ૨, ૬૯) બે દિવસ તલોદ પધાર્યા. ફાગણ સુદ દસમે તલોદથી બામણવાડા થઈને મુનાઈ ગામે પધાર્યા.....મુનાઈજતાં વચ્ચે ચારેક માઈલનો રસ્તો ઘણો વિકટ હતો, પણ મહાપુરુષને આંગણે પધરાવવાની ભાવનાથી ગામની જનતાએ ઉત્સાહપૂર્વક આખો માર્ગ સરખો કરી નાંખ્યો..... ને એ રસ્તે પસાર થઈને જ્યારે ગુરુદેવે મુનાઈ ગામમાં પ્રવેશ કર્યો ત્યારે આખા ગામની જનતાએ ખૂબ ઉમળકાથી સ્વાગત કર્યું. અહીંનું જિનમંદિર સુંદર અને પ્રાચીન છે. પાર્શ્વનાથ વગેરેના મનોજ્ઞ પ્રતિમા બિરાજે છે. હાલમાં મંદિરની બાજુમાં નવું સ્વાધ્યાયમંદિર બંધાયું છે તેનું ઉદ્ઘાટન ગુરુદેવની છાયામાં બાબુભાઈના હસ્તે થયું. પ્રવચનમાં ગામની સમસ્ત જનતા ઉપરાંત આસપાસના ગામોથી પણ મોટી સંખ્યામાં માણસો આવ્યા હતા....ને મોટા મેળા જેવું વાતાવરણ સર્જાઈ ગયું હતું. બાલિકાઓ વડે સ્વાગત ગીત, તથા નગરજનો તરફથી અભિનંદન પત્ર અર્પણ થયેલ હતું. ભાઈશ્રી મણિલાલભાઈએ હાર્દિક ઉલ્લાસની લાગણીઓથી નાનકડા ગામડામાં મહાન સન્તોનું સ્વાગત કર્યું હતું. સાંજે મુનાઈથી ભીલોડા આવ્યા હતા.

ભીલોડા જૂનું પ્રાચીન નગર છે. અગાઉના વખતમાં આ નગરીની ધાર્મિક જાહોજલાલી કેવી મહાન હશે! તેનો ખ્યાલ અહીંના એક અત્યંત ભવ્ય પ્રાચીન દિ. જિનાલયને જોતાં આવે છે. આ જિનમંદિરનો જીર્ણોદ્ધારા ૪૦૦ વર્ષ પહેલાં થયેલ છે; ને ૮૦૦–૯૦૦ વર્ષ પ્રાચીન હોવાનું અનુમાન છે. પ્રાચીન પ્રતિમાઓ મનોજ્ઞ છે. વિશાળ જિનાલયને ફરતી બાવન જેટલી દેરીઓ છે–જેમાં ભગવંતો બિરાજમાન છે. મંદિરના પ્રાંગણમાં સોએક ફૂટ ઊંચો કારીગરીમય એક ધર્મસ્તંભ છે–જેની અંદરના ભાગમાં ઉપર જવા માટેના પગથિયાં છે. જિનમંદિરમાં ભરત–બાહુબલીની પ્રાચીન મૂર્તિઓ, તેમજ વીસ વિહરમાન તીર્થંકરોની પ્રાચીન ચરણપાદૂકા બિરાજમાન છે. થોડા વખત પહેલાં મંદિર નીચેના ભંડકિયામાંથી ચાલીસેક પ્રાચીન પ્રતિમાઓ નીકળ્યા છે. અષ્ટાહ્નિકાના દિવસોમાં નંદીશ્વરને યાદ કરાવે એવું આ ભવ્ય જિનાલય જોતાં સૌને આનંદ થયો. આવા ધર્મસ્થાનોમાં ગુરુદેવ સાથે દર્શન–ભક્તિ કરતાં ભક્તોને ઘણી પ્રસન્નતા થાય છે. કહાનગુરુ સાથેનો પ્રવાસ ને કહાનગુરુ સાથેની યાત્રા એટલે તો મોક્ષમાર્ગના એક નાયકની સાથેનો મુક્તિપુરીનો પ્રવાસ...તે મુમુક્ષુને મહા આનંદ ઉપજાવે છે. ભીલોડાના ભવ્ય જિનાલયમાં ગુરુદેવ સાથે દર્શન કરીને પૂ. બેનશ્રીબેને ભાવભીની ભક્તિ કરાવી....ને સૌને તીર્થયાત્રા જેવો આનંદ આવ્યો. રાત્રે ભીલોડા રોકાઈને ફાગણ સુદ ૧૧ ની સવારમાં રણાસણ તરફ પધાર્યાં.

# 卐 રણાસણ ( ગુજરાત ) માં પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવ 卐

*** ગુજરાતમાં ગાજેલા જૈનશાસનના જયજયકાર***

ફાગણ સુદ ૧૧ નો મંગલદિન.....સવારમાં જિનેન્દ્ર ભગવાનને પ્રતિષ્ઠામંડપમાં બિરાજમાન કરીને, શાંતિજાપ વગેરે વિધિનો પ્રારંભ થયો; અને ગુરુદેવ પધારતાં ભવ્ય સ્વાગત થયું. પૂ. ગુરુદેવનું ભવ્યસ્વાગત અતિશય શોભતું હતું. શરૂમાં ચાર હાથી ઉપર ધર્મધ્વજ ફરકતા હતા. સ્વાગતનો રથ સુંદર હતો. ઈન્દોરના પં. શ્રી બંસીધરજી સિદ્ધાંતશાસ્ત્રી, વારાણસીનાં પં. શ્રી કૈલાસચંદજી સિદ્ધાંતશાસ્ત્રી તેમજ પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથુલાલજી શાસ્ત્રી વગેરે વિદ્વાનો પણ આ ઉત્સવ પ્રસંગે આવી પહોંચ્યા હતા. ગુરુદેવના મંગલપ્રવચન બાદ આદિનાથનગર ( પ્રતિષ્ઠામંડપ ) માં જૈનઝંડારોપણ થયું હતું.

આ મંગલ ધર્મોત્સવપ્રસંગે રણાસણ ગામ જ જાણે આખું બદલાઈ ગયું હોય–એમ તેની નવરચના થઈ ગઈ હતી. રસ્તાઓ નવા, પ્રકાશ અને પાણીની વ્યવસ્થા નવી, મંડપની રચના ખૂબ જ આકર્ષક અને ચારે બાજુ ધરસેનદ્વાર, કુંદકુંદદ્વાર, ટોડરમલ્લજીદ્વાર, વગેરેથી શોભતી ડેરાતંબુની વસ્તી હતી; ભગવાન આદિનાથના જન્મની પૂર્વ તૈયારીરૂપે રચાયેલી આ આદિનાથનગરીના આંગણે ચાર હાથી ઝૂલતા હતા, મંગલવાજાં વાગતા હતા, રથ જેવી સુંદર ગાડીઓ શોભતી હતી. અને એ બધુંય જેને લીધે શોભતું હતું એવા ગુરુદેવની વાણીવડે જિનમાર્ગના ઉપદેશની અમૃતધારા સવાર–બપોર વહેતી હતી.....હજારો જીવો એ અમૃતનું પાન કરતા હતા.

ફાગણ સુદ ૧૨ ની સવારમાં નાંદીવિધાન અને ઈન્દ્રપ્રતિષ્ઠા થઈ; જેમાં ૧૬ ઈન્દ્રો હતા. સૌધર્મેન્દ્ર તરીકે ગાંધી છોટાલાલ વીરચંદ ( રણાસણ ) તથા ઐશાનેન્દ્ર તરીકે શાહ સોમચંદ પુનમચંદ ( રણાસણ ) હતા; માતા–પિતાની સ્થાપનાનું સૌભાગ્ય શેઠશ્રી મીઠાલાલ જગજીવનદાસ ( સોનાસણ ) તથા ચુનીબેનને પ્રાપ્ત થયું હતું. ગુરુદેવનો ઉપકાર પ્રસિદ્ધ કરીને અને તેમના મંગલઆશીષ લઈને ઈન્દ્રોનું સરઘસ જિનપૂજન માટે ચાલ્યું. નગરજનો આશ્ચર્યથી ઈન્દ્રસવારી નીહાળી રહ્યા. ઈન્દ્રોએ આવીને ૬૪ ઋદ્ધિધારી મુનિવરોનું પૂજન કર્યું.

રણાસણ ( તલોદથી પંદર માઈલ દૂર આવેલું ) તદ્દન નાનું જુનું ગામ છે, જ્યાં રેલ્વે સ્ટેશન પણ નથી, અને આખા ગામની વસ્તી બે હજાર જેટલી છે; તેમાં જૈનોના દસેક ઘર છે, –જેમાં દિગંબર જૈનોના ઘર પાંચ–છ છે. અહીં એક પ્રાચીન દિગંબર જૈનમંદિર હતું પણ તે જીર્ણ થઈ ગયું હોવાથી તેને બદલે નવું જ જિન મંદિર બંધાવ્યું છે. માત્ર પાંચ ઘરની વસ્તી છતાં, લગભગ ડોઢ લાખ રૂા. ના ખર્ચે

રત્નત્રય જેવા ત્રણ શિખરોથી શોભતું ભવ્ય જિનમંદિર તૈયાર થયું, તેમજ પંચ કલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવ ઉજવાયો–એ ગુરુદેવ દ્વારા થતી જૈનશાસનની પ્રભાવનાનો જ પ્રતાપ છે. આવા નાના ગામમાં મોટું કામ–તે ગુજરાતભરના સાધર્મીઓના સહકારને લીધે, અને ગુજરાતના બાબુભાઈના અથાગ પ્રયત્નને લીધે સફળ બન્યું છે.

સવાર–બપોર ગુરુદેવના સુંદર પ્રવચનો થતા હતા–જેમાં નિશ્ચયવ્યવહારની સંધિપૂર્વક સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ સમજાવતા હતા. સવારે સમયસાર ગા. ૭૩ તથા બપોરે પદ્મનંદીપચ્ચીસીમાંથી આદિનાથસ્તોત્ર ઉપર પ્રવચનો થતા હતા. ફાગણ સુદ ૧૨ ના રોજ મૃત્તિકાનયન તથા અંકુરારોપણ થયા હતા. રાત્રે ભક્તિ થઈ હતી. ફા. સુદ ૧૩ સવારે પ્રવચન પછી યાગમંડલવિધાન મહાપૂજા થઈ હતી. ને સાંજે જલયાત્રા થઈ હતી. રાત્રે ભગવાન આદિનાથના ગર્ભકલ્યાણકની પૂર્વતૈયારીનાં દ્રશ્યો થયા હતા. શરૂમાં કુમારિકાદેવીઓ દ્વારા આદિનાથપ્રભુના મંગલાચરણ પછી સર્વાર્થસિદ્ધિવિમાનમાં ઋષભદેવના જીવનું દ્રશ્ય થયું હતું. ત્યારબાદ સૌધર્મેન્દ્રની સભા, ગર્ભકલ્યાણકની પૂર્વતૈયારીરૂપે અયોધ્યાનગરીની અદ્ભુત રચના, માતા–પિતાની સેવા, મરુદેવી માતાજીને ૧૬ મંગલસ્વપ્નો વગેરે દ્રશ્યો થયા હતા.

ફા. સુ. બીજી તેરસે–સવારમાં માતાજીના ૧૬ મંગલસ્વપ્નોના ઉત્તમફળરૂપ તીર્થંકરના અવતરણની આગાહી, ૮ કુમારી દેવીઓ દ્વારા માતાજીની સેવા–સ્તુતિ તેમજ માતાજી સાથે તત્ત્વચર્ચા વગેરે થયા હતા. બપોરે જિનમંદિર–વેદી–કળશ–ધ્વજ શુદ્ધિ થઈ હતી. રાત્રે ભરત–બાહુબલીનું ધાર્મિક નાટક ફતેપુર પાઠશાળાની નાની બાળાઓએ કર્યું હતું.

આ ઉત્સવ દરમિયાન હજારો માણસોના આનંદમય કોલાહલથી ગાજતા આદિનાથ નગરનું વાતાવરણ જોતાં કોઈને એમ ન લાગે કે આ બે હજાર વસ્તીનું નાનકડું ગામડું છે....આ તો જાણે લાખો–કરોડો માણસોથી ભરેલી અયોધ્યાનગરી હોય–એમ લાગતું હતું. ચારેકોરથી ગાડાં તેમ જ મોટર–ટ્રક વગેરે ભરીભરીને “જયજયકાર” ને ‘વાહ વા જી વાહવા’ કરતા ભક્તજનો આવ્યા જ કરતા હતા....ગામડાની જનતા આ આનંદકારી ઉત્સવ નીહાળવા ચારેબાજુથી આ નગરીમાં ઊભરાણી હતી. મહાત્માઓના પ્રતાપે ‘જંગલમાં મંગલનું’ નું સાચું દશ્ય અહીં નજરે પડતું હતી. ફાગણના પહેલા અઠવાડિયામાં પાટનગર અમદાવાદ કે જ્યાં ૧૬ લાખની વસ્તી ને તેમાં સવા લાખ જેટલા જૈનો–ત્યાં પંચકલ્યાણક ઉત્સવ થયો અને બીજા જ અઠવાડિયે રણાસણ કે જ્યાં બે હજારની વસ્તી ને તેમાં માંડ એકસો જેટલા જૈનો–ત્યાં પંચકલ્યાણક ઉત્સવ થયો;–બંનેની વસ્તી વચ્ચે હજારગણો ફેર,–છતાં ઉત્સવ બંનેનો સરખો, એકબીજાની સ્મૃતિ કરાવે તેવો હતો.

ભગવાન આદિનાથના કલ્યાણકો થતા હતા, તે જ વખતે પ્રવચનમાં પણ આદિનાથ સ્તોત્રમાંથી આદિનાથપ્રભુના કલ્યાણકોનું અદ્‌ભુત આધ્યાત્મિક વર્ણન ગુરુદેવ ભાવભીની શૈલિથી કરતા હતા. ભગવાન જ્યારે સર્વાર્થસિદ્ધિ વિમાન છોડીને અયોધ્યાપુરીમાં અવતર્યા ત્યારે સર્વાર્થસિદ્ધિની શોભા પણ ભગવાનની સાથે જ અયોધ્યામાં આવી ગઈ, એટલે જે સર્વાર્થસિદ્ધિવિમાન ભગવાનને લીધે શોભતું હતું તેની શોભા હવે ઝાંખી પડી ગઈ ને અયોધ્યાની શોભા વધી ગઈ!–આમ અલંકાર કરીને આચાર્યદેવ કહે છે કે પુણ્યની શોભા નથી, પણ ધર્મની શોભા છે. પ્રભો! આપના વગરની સર્વાર્થસિદ્ધિ પણ સુનીસુની લાગે છે. અને આપના પધારવાથી આ પૃથ્વી 'સનાથ' થઈને નવાંકુર વડે પુલકિત બની ગઈ–અર્થાત્ આપના નિમિત્તે આત્મામાં ધર્મના અંકુરા ફુટયા.....આમ અનેક પ્રકારે આત્મા સાથે સંધિપૂર્વક આદિનાથપ્રભુની સ્તુતિ થતી હતી. તેથી ઉત્સવનું વાતાવરણ અદ્‌ભુત સુમેળવાળું બન્યું હતું.

ફાગણ સુદ ૧૪ ની વહેલીસવારમાં ભગવાન આદિનાથના જન્મવડે અયોધ્યા નગરી પાવનતીર્થ બની ગઈ....મરુદેવી માતા જગતની માતા બન્યા....ધન્ય એ રત્નકુંખધારિણી માતા! ઈંદ્રોના ઈંદ્રાસન ફરી ડોલી ઊઠયા....ઘંટનાદ થવા માંડયા.....અને મંગલસૂચક ચિહ્નો વડે તીર્થંકરનો જન્મોત્સવ જાણીને ઈંદ્ર ઐરાવત સહિત આવી પહોંચ્યા....બીજી તરફ અયોધ્યાપુરીમાં નાભિરાજાના દરબારમાં ૠષભઅવતારની મંગલ વધાઈ આવી ને આનંદ–આનંદ છવાઈ ગયો......દેવીઓ આનંદથી નૃત્ય ને મંગલગાન કરવા લાગી.....શી એ જન્મોત્સવની શોભા! ને કેવી અદ્‌ભુત એ સવારી! જાણે નગરી નાની ને સવારી મોટી! મેરુ પર્વત ઉપર સવારી આવી ને ઈંદ્રોએ આદિ–તીર્થંકરનો જન્માભિષેક કર્યો......અરે, હજારો મનુષ્યો પણ મેરુ ઉપર પહોંચી–પહોંચીને એ જન્માભિષેકમાં ભાગ લેવા લાગ્યા. પછી સવારી પાછી આવી ને માતા–પિતાને એનો પુત્ર સોંપીને હરિએ તાંડવનૃત્ય દ્વારા પોતાનો આનંદ વ્યક્ત કર્યો. આખી નગરી આજે આનંદમય બની હતી.

બપોરના પ્રવચન પછી પારણાઝુલન થયું. ૠષભકુંવરને મરુદેવીમાતા ઉપરાંત ઇન્દ્રાણી પણ ભક્તિથી ઝુલાવતી હતી. અનેક કુમારી બાળાઓ રાસ વગેરે દ્વારા ભક્તિ કરીને ૠષભકુમારને પ્રસન્ન કરતી હતી. રાત્રે ૠષભદેવનો રાજ્યાભિષેક અને રાજસભાનાં દ્રશ્યો થયા હતા. સેંકડો રાજાઓ ભેટ ધરતા હતા. કલ્પવૃક્ષનો પણ દેખાવ થયો હતો.


ફાગણ સુદ પૂર્ણિમાઃ ભગવાન ૠષભદેવ રાજસભામાં બિરાજમાન છે; ઇન્દ્રદ્વારા નાટક થાય છે...... નીલંજસાદેવી નૃત્ય કરતાં કરતાં તેનું આયુષ પૂરુ થઈ જાય છે. સંસારની આવી ક્ષણભંગુરતા દેખીને, જાતિસ્મરણપૂર્વક ભગવાન વૈરાગ્ય પામે છે; ભરત–બાહુબલીને રાજ સોંપે છે....લૌકાંતિકદેવો આવીને સ્તુતિ કરે છે ને

ઇન્દ્રો દીક્ષાકલ્યાણક માટે આવે છે. એકબાજુ ભરતના રાજ્યાભિષેકનો ઉત્સવ છે, તો બીજી બાજુ ભગવાનની દીક્ષાનો વીતરાગી ઉત્સવ છે. એ અપૂર્વ વીતરાગી ઉત્સવ નીહાળવા. એને અનુમોદવા ને એની ભાવના કરતા ઘણા લોકો ભગવાનની સાથે વન તરફ જઈ રહ્યા છે. અયોધ્યાના એ ભોળાભદ્ર જીવોને ખબરેય નથી કે ભગવાન ક્યાં જઈ રહ્યા છે? ને શા માટે જઈ રહ્યા છે! તેમને તો એમ છે કે ભગવાન પોતાનું કોઈ ઉત્તમ કાર્ય કરીને થોડા દિવસમાં પાછા આવશે! ભગવાને તો વનમાં જઈને વસ્ત્રો ઉતાર્યા ને દીક્ષા લીધી....આ ચોવીસીમાં દીક્ષાનો આ પહેલો જ પ્રસંગ હતો, ઋષભદેવ જ પહેલવહેલા મુનિ હતા.....અહા! આજે ભરતક્ષેત્રમાં સાક્ષાત્ મોક્ષમાર્ગ ખુલ્લો થયો. જન્મતિથિના મંગલદિવસે જ ભગવાન દીક્ષિત થયા.....ધન્ય એ મુનિદશા! નદી કિનારે દીક્ષાવનનું વાતાવરણ અનેરું હતું. બાજુમાં જ સરયું જેવી નદી વહેતી હતી. સામે જ વટવૃક્ષ હતું. હજારો માણસો આતુરનયને ઋષભદેવને નીહાળી રહ્યા હતા. નદી જાણે કે ભગવાનના વિરહમાં કલરવ કરતી હતી; વાયરાઓ જોસથી વહેતા થકા મધુર ગીતથી સ્તુતિ કરતા હતા; વટવૃક્ષ પ્રસન્નતાથી ઝૂલતું હતું કે અહા, ત્રણલોકના નાથ ઉપર છાયા કરવાનું મને મહા ભાગ્ય મળ્યું. આવા વનમાં બિરાજમાન ઋષભમુનિરાજને જોતાં ત્રીજો આરો યાદ આવતો હતો.

વનના વૈરાગ્ય વાતાવરણ વચ્ચે કહાનગુરુએ અમીરસધારા વહેવડાવીને એ ધન્ય મુનિદશાનો અપાર મહિમા કર્યો ને એ દશાની ભાવના ભાવી. સૌ મુગ્ધ બનીને સાંભળી રહ્યા....પછી મુનિરાજની ભક્તિ કરતા સૌ આદિનાથનગરમાં પાછા આવ્યા. (ભગવાનનો જન્મ અને દીક્ષા બંને ફાગણ વદ ૯ ના છે) સાંજે મુનિરાજની ખૂબ ભક્તિ થઈ....રાત્રે ભગવાન આદિનાથના દશપૂર્વભવોનું વર્ણન થયું.

ફાગણ વદ એકમે સવારમાં દેવ–ગુરુપૂજન થયું. વનના વાતાવરણમાં બિરાજમાન આદિનાથ મુનિરાજના સમૂહપૂજનનું ભાવભીનું દ્રશ્ય અનેરું હતું. પ્રવચન પછી, રત્નત્રયધારી ભગવાન ઋષભમુનિરાજ હસ્તિનાપુરી નગરીમાં પધાર્યા અને શ્રેયાંસકુમાર તરીકે તેમને પ્રથમ આહારદાન દઈને દાનતીર્થ પ્રવર્તનનું મહદ્ભાગ્ય શેઠશ્રી સોમચંદભાઈ પુનમચંદને પ્રાપ્ત થયું હતું. આહારદાનનો પ્રસંગ એ અદ્ભૂત પ્રસંગ હતો. શ્રેયાંસરાજા આદિનાથમુનિરાજને ઈક્ષુરસનું આહારદાન કરી રહ્યા હતા ને બીજા હજારો જીવો અત્યંત ભક્તિથી એનું અનુમોદન કરી રહ્યા હતા. મુનિરાજને આહારદાન આપતાં સૌનું ચિત્ત અતિ પ્રસન્ન થતું હતું. આ ચોવીસીમાં દાનતીર્થપ્રવર્તનનો એ પ્રસંગ ફરીને તાજો થતો હતો. શ્રેયાંસકુમારને આદિનાથ સાથેનો નવ ભવનો સંબંધ, અને પ્રભુને જોતાં જ એનું જાતિસ્મરણજ્ઞાન–વગેરે રોમાંચકારી પ્રસંગો નજરે તરવરતા હતા. આહારદાન પછી આખી નગરીમાં જયજયકાર અને પુષ્પવૃષ્ટિ થતી હતી. અને ભીડ તો એટલી હતી કે, શ્રેયાંસકુમારને અભિનંદવા માટે સૈન્ય સહિત ભરતરાજા આવી પહોચ્યાં કે શું! ઈક્ષુરસના આહારદાન બાદ ચારેકોર ઈક્ષરુસમાંથી

બનેલી સાકર વહેંચાતી હતી. મુનિરાજ આદિનાથને નીહાળી નીહાળીને ભક્તોએ ઉમંગથી જે ભક્તિ કરી છે તે દેખીને ઘણા કહેતા કે અહો, કેવી અદ્‌ભુત મુનિભક્તિ છે!



બપોરે જિનબિંબો ઉપર અંકન્યાસ વિધિ થઈ. અને પછી થોડીવારમાં આદિનાથ પ્રભુને કેવળજ્ઞાન થતાં સમવસરણની રચના થઈ. ઇન્દ્રોએ કેવળજ્ઞાનનું પૂજન કર્યું. પ્રવચન પછી ભક્તિ થઈ.

ફાગણ વદ બીજની સવારમાં નિર્વાણકલ્યાણક ઉત્સવ થયો; કૈલાસગિરિ ઉપર ઋષભજિનવરને નીહાળ્યા....સિદ્ધિધામ કૈલાસગિરિ નીહાળ્યું. આ રીતે જૈનશાસનનો ઉદ્યોત કરનાર પંચકલ્યાણક મહાપૂજનમહોત્સવ આનંદપૂર્વક પૂર્ણ થયો......ધન્ય બન્યું રણાસણ...ને ધન્ય બન્યા ત્યાંના ભક્તો.

પ્રતિષ્ઠિત થયેલા જિનબિંબોને ત્રિશિખરમંડિત નુતન જિનાલયમાં બિરાજમાન કરવા માટે ધામધૂમથી જિનમંદિરે તેડી ગયા; ને સાડાઆઠ વાગતાં કહાનગુરુના હસ્તે જિનેન્દ્રભગવંતોની વેદીપ્રતિષ્ઠા થઈ. મૂળનાયક આદિનાથ ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શેઠ શ્રી છોટાલાલ વીરચંદ તથા સોમચંદ પુનમચંદ શાહને મળ્યો હતો. આજુબાજુમાં મહાવીર ભગવાન તથા શીતલનાથ ભગવાનને બિરાજમાન કર્યા હતા. અગાઉ જુના જિનમંદિરમાં જે પ્રતિમાઓ હતા તેમને પણ નુતન જિનમંદિરમાં બાજુની બે વેદી ઉપર પુનઃ બિરાજમાન કર્યા; તથા જિનવાણીની સ્થાપના થઈ. પછી ત્રણ શિખર ઉપર કળશ અને ધ્વજ ચડતાં જૈનધર્મના જયજયકારથી ગગન ગૂંજી ઊઠયું હતું.

આજે ભગવાનના દર્શન કરવા માટે અને જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીહાળવા ચારેકોરના ગામડાઓમાંથી હજારો લોકો ઊભરાયા હતા; પગપાળા ચાલીને તેમજ ગાડેગાડાં અને ટ્રેકટરો ભરીભરીને માણસો રણાસણમાં ઠલવાતા હતા.....અને ભીડ તો એવી જામી હતી કે મુંબઈના ભુલેશ્વરની ભીડનેય ભૂલાવી દે. જિનમંદિર અને ઉત્સવ સંબંધી પાંચેક લાખનું ખર્ચ અને એથી વધુ ઊપજ થઈ હતી.

ઈન્દોરથી ભૈયાસાહેબ રાજકુમારસિંહજી, ગુલાબચંદજી ટોંગ્યા, દેવકુમારજી તથા રત્નલાલજી શેઠ, પ્રમુખશ્રી નવનીતભાઈ વગરે પણ આ પ્રસંગે આવ્યા હતા. મક્ષીજીમાં થયેલા નવીન દિગંબર જિનાલય માટે પાર્શ્વનાથ પ્રભુના સાડાચાર ફૂટ જેવડા ભવ્ય મનોજ્ઞ પ્રતિમાજી અહીં પ્રતિષ્ઠા માટે આવેલા; આ પ્રતિમાજીની વેદીપ્રતિષ્ઠા વૈશાખ વદ ૭ના રોજ મક્ષીમાં થવાની છે. તે માટે ત્યાંના ટ્રસ્ટીઓ તેમજ મધ્યપ્રદેશના અનેક મહાનુભાવો સહિત રાજકુમારસિંહજીએ ગુરુદેવને મક્ષીજી પધારવા વિનતિ કરી–જેનો ગુરુદેવે સ્વીકાર કરવાથી મધ્યપ્રદેશના મુમુક્ષુઓને ઘણી પ્રસન્નતા થઈ હતી. બપોરના પ્રવચન બાદ ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી....નગરમાં ફરતી એ રથયાત્રા હજારો દર્શકોને અદ્‌ભુત આનંદમંગળમાં ગરકાવ કરતી હતી. જૈનધર્મનો આવો પ્રભાવ દેખીને સૌને હર્ષ થતો હતો. પંડિત શ્રી બંસીધરજી અને પં. કૈલાસચંદ્રજીએ ગુરુદેવનો આવો પ્રભાવ અને જૈનધર્મની પ્રભાવના દેખીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. બે હજારની વસતીવાળા આ ગામમાં ઉત્સવના અંતિમ દિવસે વીસહજાર જેટલા દર્શનાર્થીઓનો મળો ભરાયો હોવાનો અંદાજ છે. એ

માનવમહેરામણ વચ્ચે પણ જિનેન્દ્ર ભગવાન એકાકીપણે શોભતા હતા....અને જાણે કે એમ ઉપદેશતા હતા કે સંસારની બેસુમાર ભીડ વચ્ચે અલિપ્ત રહેલો આત્મા નિજ સ્વરૂપમાં શોભે છે; ને એવા આત્માના મહિમાનો જ આ મહોત્સવ છે...વીસ હજારની ભીડને કે હાથીના ટોળાને જોવા કરતાં તેમની વચ્ચે રહેલા એકાકી જિનને જોવા તે આ રથયાત્રાનું રહસ્ય હતું. એ લાંબી રથયાત્રાની શરૂઆતનો કે અંતનો છેડો જોવા માટે ઘણીવાર સુધી મહેનત કરવા છતાં, ઊંચા સ્થાન પરથીયે એનો છેડો દેખાતો ન હતો. જ્યારે શરૂનો ભાગ ગામમાં ફરીને પ્રતિષ્ઠા–મંડપમાં પાછો આવતો હતો ત્યારે અંતિમ ભાગ હજી મંડપની બહાર નીકળતો હતો. ગામના ઝરૂખાઓ ને છાપરાઓ પણ પ્રેક્ષકોથી ભરચક હતા.....નાનાં બચ્ચાંઓને આ બધું બતાડવા માટે ગ્રામ્યજનો ખભે ચડાવીને રથયાત્રામાં સાથે ફરતા હતા......ને ક્યાંક સમજીને તો ક્યાંક વગર સમજ્યે, ચારેકોર ભક્તિની રમઝટ ચાલતી હતી. પંદર હજાર જેટલા માણસોએ પ્રતિષ્ઠાની પ્રસાદીરૂપ લાડુ ખાધા હશે...સાંજ પડી ત્યાં તો વાહનોના વાહનો ભરીભરીને માણસો પ્રસ્થાન કરવા લાગ્યા. પ્રતિષ્ઠા મહોત્સવની ખુશાલીમાં રણાસણના ભક્તોના હૈયાં નાચી રહ્યા હતા. આખોય દિવસ જિનમંદિરમાં દર્શકોની ભીડ ચાલુ જ હતી. રણાસણ ગામમાં જૈનશ્રાવકોની સંખ્યા કરતાં જિનબિંબોની સંખ્યા વધારે છે.

ફાગણ વદ ત્રીજની પહેલી સવારમાં ગુરુદેવ જિનમંદિરે પધાર્યા, ને ભાવપૂર્વક જિનભગવંતોના દર્શન કરીને ભક્તિ ગવડાવી....એ રીતે રણાસણમાં મહાન મંગલકારી પંચકલ્યાણકપૂર્વક જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા કરીને હિંમતનગર તરફ પ્રસ્થાન કર્યું.

**શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણક મહોત્સવનો જય હો !**

* * * * *

## હિંમતનગરમાં ભાવભીના મંગલપૂર્વક સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન

રણાસણમાં પંચકલ્યાણક કરીને ફાગણ સુદ ત્રીજના રોજ ગુરુદેવ હિંમતનગર પધારતાં ભવ્ય ધામધૂમથી સ્વાગત થયું. બે વર્ષ પહેલાં જ્યાં પંચકલ્યાણક ઉત્સવ ઉજવાયેલ ત્યાંના જિનાલયમાં મહાવીર ભગવાન અને શાંતિનાથ વગેરે ભગવંતોના ભાવથી દર્શન કર્યા. ને પછી ગુરુદેવના સુહસ્તે સ્વસ્તિકવિધાનપૂર્વક ઈંદોરના શેઠશ્રી રાજકુમારસિંહજીના હસ્તે નુતન સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન થયું. ગુરુદેવના મંગલાચરણ વખતે અત્યંત ઉલ્લાસભર્યું વાતાવરણ ફેલાઈ ગયું હતું. તીર્થંકરભગવંતોએ અને કુંદકુંદાચાર્યદેવાદિ સન્તોએ જે વીતરાગમાર્ગ કહ્યો તે જ માર્ગનું ઉદ્‌ઘાટન

કરનાર ગુરુદેવે કહ્યું કે આત્માનો ઉપયોગ એવા અપ્રતિહત સ્વભાવવાળો છે કે કોઈથી હણાય નહિ.....અંતર સ્વભાવમાં ઉપયોગ વળ્યો તે કદી પાછો ફરે નહિ.....આત્માનો જે રંગ લાગ્યો તે રંગમાં ભંગ પડયા વગર કેવળજ્ઞાન લ્યે એવો આત્માનો 'અલિંગગ્રહણ' સ્વભાવ છે, ને તે મંગળરૂપ છે. આત્માનો જે રંગ લાગ્યો તેમાં વચ્ચે રાગનો રંગ લાગવા ન દઈએ; આત્માના રંગમાં ભંગ પડે નહિ–આવી તીર્થંકરોના કૂળની ટેક છે. ભાવથી ગુરુદેવ કહે છે કે અનંતા તીર્થંકરો થયા તેના કુળના અને તેની જાતના જ અમે છીએ...આત્માના આવા સ્વભાવને સાધવા જાગ્યા તેમાં વચ્ચે ભંગ પડે નહિ તે અમારા તીર્થંકરોના કૂળનો વટ છે, ને તે અમારી ટેક છે. –આમ ભાવભીના ચિત્તે ગુરુદેવે અત્યંત આનંદકારી મંગલ પ્રવચન કર્યું. સાક્ષાત્ ભગવાનને ભેટીને ભરતે આવેલા ગુરુદેવના શ્રીમુખેથી ઉલ્લાસપૂર્ણ મંગલ સાંભળીને સભાજનો આનંદથી ઝૂમી ઊઠતા ને વારંવાર સ્વાધ્યાયમંદિરને હર્ષનાદથી ગજાવી મૂકતા. ત્યારપછી સ્વાધ્યાયમંદિરમાં કુંદકુંદાચાર્યદેવ વગેરેના ચિત્રપટોનું ઉદ્ઘાટન શેઠશ્રી રાજકુમારસિંહજી, પ્રમુખ શ્રી નવનીતલાલભાઈ વગેરેના સુહસ્તે થયું હતું આમ ઉદ્ઘાટન–સમારોહ આનંદપૂર્વક ઉજવાયો હતો.

હિંમતનગર બે દિવસ રહીને ગુરુદેવ નરસિંહપુરા–જહર ગામે પધાર્યા હતા; નાનું ગામ છતાં લોકોનો ઉત્સાહ સારો હતો. ત્યારપછી બે દિવસ ફતેપુર અને એક દિવસ અમદાવાદ થઈને ફાગણ વદ દસમના સુદિને ગુરુદેવ સોનગઢ પધારતાં એ પાવનભૂમિ પુનઃનવપલ્લવિત બની. ગુરુદેવને માત્ર ઉધરસને કારણે થોડા દિવસ આરામ લેવાની જરૂર હતી તેથી વચ્ચે બરવાળા અને સાવરકુંડલા કાર્યક્રમો થઈ શક્યા ન હતાં, ને ગુરુદેવ સોનગઢ પધાર્યા હતા. સોનગઢના શાંત વાતાવરણમાં આવતાં જ ગુરુદેવની તબીયતમાં એકદમ આરામ થઈ ગયો છે, અને રવિવાર તા. ૨૩–૩–૬૯ ના રોજ રાજકોટ પધાર્યા છે. રાજકોટમાં પ્રવચન વગેરે કાર્યક્રમો રાબેતા મુજબ ચાલુ છે. ગુરુદેવ ચૈત્ર સુદ ૧૩ સુધી રાજકોટ બિરાજશે અને ત્યારપછી વચ્ચેના શહેરો થઈ મુંબઇનગરીમાં ચૈત્ર વદ ૧૧ તા. ૧૨ એપ્રીલ શનિવારે પ્રવેશ કરશે. મુંબઈનગરીમાં ૮૦ મી જન્મજયંતીનો રત્નચિંતામણિ–મહોત્સવ ( વૈ. શુ. બીજ તા. ૧૮ ), જિનેન્દ્ર પંચકલ્યાણક–મહોત્સવ તથા ઘાટકોપર અને મલાડના જિનમંદિરોમાં વેદીપ્રતિષ્ઠામહોત્સવ ( વૈશાખ સુદ ૧૧ તથા ૧૨ના રોજ ) છાપેલા કાર્યક્રમ મુજબ થશે.

* * * * *

# ગુરુદેવ લખે છે-આત્મભાવનારૂપ પાંચ બોલ-



**આત્મચિંતનપૂર્વક ગુરુદેવે સ્વહસ્તાક્ષરમાં નીચેના પાંચ બોલ લખ્યા હતા-**

પરમ પારિણામિક ભાવ છું

કારણ પરમાત્મા છું

કારણ જીવ છું

શુદ્ધ ઉપયોગો હં

નિર્વિકલ્પો હં

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય સોનગઢ ( પ્રત: ૨૫૦૦ )